**समानो मन्त्रः** (ઋગ્વેદ) **समानी प्रपा** (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઈન

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૨ જુલાઈ : ૨૦૦૭ અંક : ૧

**: પરામર્શનસમિતિ :**

**કુમારપાળ દેસાઈ** — પ્રમુખ

**ભોળાભાઈ પટેલ** — વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય

**ભારતી ર. દવે** — પ્રકાશનમંત્રી

**: તંત્રી :**

યોગેશ જોષી

**: સહતંત્રી :**

પ્રફુલ્લ રાવલ

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ ૦ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફેક્સ : ૨૬૫૮૭૯૪૭
E-mail : gspamd@vsnl.net
Web-site : www.gujaratisahityaparishad.org




## અ નુ ક્ર મ


| | |
|---|---|
| **તંત્રીસ્થાનેથી** | યોગેશ જોષી |
| **પ્રમુખશ્રીનો પત્ર** | કુમારપાળ દેસાઈ |
| **કવિતા** | વાદળો થતાં જોઈને ● ઉશનસ્, તળાવ ● રમણીક સોમેશ્વર, માટી ● રામચન્દ્ર પટેલ, |
| **અનુવાદ** | ફરવા આવ્યો છું ● નિરંજન ભગત, અંગ્રેજી ભાષાંતર : પ્રદીપ ખાંડવાલા |
| **આસ્વાદ** | રાધેશ્યામ શર્મા |
| **વિવેચન** | હરિકૃષ્ણ પાઠક |
| **પ્રતિભાવ** | સચ્ચિદાનંદ સન્માન : પ્રતિભાવ ● ધીરુ પરીખ, સાહિત્ય મારે માટે શ્વાસોચ્છ્વાસ ● ભોળાભાઈ પટેલ |
| **સમીક્ષા/ગ્રંથાવલોકન** | ગુજરાતી કવિતાનો કમનીય કેલાઇડોસ્કોપ ● ધીરુભાઈ ઠાકર, 'સાર્ત્રનો સાહિત્યવિચાર' વિશે ● રસિક શાહ |
| **અહેવાલ** | ડૉ. નલિની દેસાઈ |
| **પરિષદવૃત્ત** | સંકલન : અનિલા દલાલ |
| **સાહિત્યવૃત્ત** | સંકલન : પ્રફુલ્લ રાવલ |
| **આવરણ** | નટુ પરીખ |

### પરિષદના આજીવન સભ્યો જોગ...

આદરણીય મુરબ્બીઓ અને મિત્રો,

'પરબ'ના છેલ્લા કેટલાક અંકોથી આપ સૌને ઉદ્દેશીને અપીલ કરવામાં આવી રહી છે. 'પરબ'ના વાર્ષિક સાડાત્રણ લાખના ખર્ચને પહોંચી વળવા તેમજ 'પરબ'ને રૂપરંગ તથા સામગ્રીથી વિશેષ સમૃદ્ધ કરવા પરિષદના દરેક આજીવન સભ્ય પોતે જે રકમમાં આજીવન સભ્યપદ મેળવ્યું હોય તે રકમ અને પરિષદના આજીવન સભ્યપદ માટેની હાલની રકમ રૂ. ૨૦૦૦ વચ્ચેના તફાવતને ધ્યાનમાં રાખી યોગ્ય રકમ પરિષદને મોકલી આપે તેવી પરિષદની વિનંતીનો ઉમળકાભર્યો પ્રતિભાવ સાંપડ્યો છે. કેટલાક સભ્યોએ તો તફાવતની રકમ કરતાં પણ વધુ રકમ મોકલી છે. અત્યાર સુધીમાં આ રીતે પરિષદને રૂ. ૧,૬૮,૮૩૬નું દાન મળ્યું છે ને દાનનો આ પ્રવાહ ચાલુ છે.

આ રકમ મોકલાવવાની બાકી હોય તેવા સભ્યોને મારી હૃદયપૂર્વકની વિનંતી છે કે તેઓ સત્વરે પોતાને યોગ્ય લાગે તેટલી રકમનો ગુજરાતી સાહિત્ય પરિષદના નામનો ચેક અથવા આટલી રકમ રોકડેથી મોકલી આપે.

'પરબ'ના મે ૨૦૦૭ના અંકથી બદલાયેલાં રૂપ-રંગ આજીવન સભ્યોના ઉત્સાહ અને ઉમળકાને આભારી છે.

**રતિલાલ બોરીસાગર**
વહીવટી મંત્રી





## કવિ શ્રી રાજેન્દ્ર શુક્લને રણજિતરામ સુવર્ણચંદ્રક

ઈ.સ. ૨૦૦૬ના નરસિંહ મહેતા ઍવૉર્ડ બાદ કવિ શ્રી રાજેન્દ્ર શુક્લને તા. ૨-૬-૨૦૦૭ના રોજ ઈ.સ. ૨૦૦૬નો રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો. રાજેન્દ્ર શુક્લ કહેતાં જ યાદ આવે —

**'હજો હાથ કરતાલ ને ચિત્ત**
**ર ા ા ન ા ક ,**
**તળેટી સમીપે હજી ક્યાંક થાનક.'**

તળેટી સમીપે જ ક્યાંક થાનક હોય એવો એમનો વેશ – લાંબા શ્વેત કેશ, ફરફરતી લાંબી સફેદ દાઢી, ગઝલનો કેફ ભરેલી આંખોમાં વાણીનાં ખળકતાં પૂર અને સાથે સાથે હળુ હળુ ઓગળતું મૌન..., અંદર-બહાર બધુંયે નીરખતી-પરખતી નજર, અવાજમુક્ત સ્થળના વસનારને મળવા ઝંખતો ગહન ગિરનારી અવાજ, કંઠમાં રુદ્રાક્ષની માળા – રુદ્રાક્ષના મણકા સમાં અનેક શેર, ગઝલો, કાવ્યો આપનાર, નગરજીવનના પરિવેશમાં 'સ્વ-વાચકની શોધ' આદરનાર, નિરુદ્દેશે મજાનું મન ધજાની જેમ ફરકાવનાર, મેઘધનુના ઢાળ પર મળવાનું ઇજન દેનાર, સૂર મિલાવી સત્-ચિત્-નંદા ગઝલના ગાનાર, ઠીબઠીકરે પરગટનો રસ પીનાર, કરતાલ-પંથી ગઝલકાર, શબ્દના-કાવ્યના-ગઝલના આ ઉપાસક કહે છે –

અજવાળે અજવાળું ખેલે
ઝલમલ ઝલમલ જીવો રે

ઘટ ફોડીને આ ઠીબઠીકરે
પરગટનો રસ પીવો રે...

'સાવ અમારી જાત અલગ છે, કરવી છે તે વાત અલગ છે' કહેતા આ અલગારી કવિમાંનો 'હું' એમનાં કાવ્યોમાં સ્થળ-સમય તેમજ સ્થિતિ-ગતિના કેવા પરિવેશમાં, કઈ રીતે ઊઘડે છે અને ઓગળે છે એનાં થોડાં ઉદાહરણ જોઈએ —

'ઊભો સમય થિર, આંખમાં થંભી ગઈ સહુ
પ ા ર ક મ મ ા ા ;
હું ઊઘડું ઉંબર ઉપર, સામે ચરાચર ઊઘડે !'

'રહી ના હદ, નથી નકશો કશો;
ઊભો એવા સ્થળે બસ ઓગળું !'

'હું તો ધરાનું હાસ છું, હું પુષ્પોનો પ્રવાસ છું,
નથી તો ક્યાંય પણ નથી, જુઓ તો આસપાસ
છ ુ ં . ,

'નિષેધ કોઈનો નહીં, વિદાય કોઈને નહીં,
હું શુદ્ધ આવકાર છું, હું સર્વનો સમાસ છું.'

'સમાઈ ક્યાં શકું છું હું નગરમાં કે
મ ા હ ા લ ા ટ ા મ ા ા ં ?
ગુહા જેવું ગહન કાંઠે મને ગિરનાર સંઘરશે.'

ક્યારેય 'અશુભ'નો વિચારસરખોયે ન કરનાર, હંમેશાં 'શુભ'માં શ્રદ્ધા રાખનાર આ કવિમાં (પશ્ચિમની – આધુનિકતાના સમયની) હતાશા – નિરાશા – શૂન્યતા – રિક્તતા તો પ્રવેશી જ કઈ રીતે શકે ? કવિ કહે છે —

'ખીંટીએ લટકતી રાખીને રિક્તતા
આ અમે નીકળ્યા ખેસ
ફ ર ક ા વ ા ત ા ા !'

આ એમનો સાચો ભાવ છે, આધુનિકતાના પ્રભાવના સમાયમાં, શરૂઆતમાં ભલે ક્યાંક રિક્તતા ને વિચ્છિન્નતાનો ભાવ પ્રગટ થયો હોય પણ એ એમનો સ્વ-ભાવ નથી.

ક્યા જામનો એક જ ઘૂંટ આ કવિ પર શી અસર કરે છે ! —

'ઘૂંટ એક જ અને આંખ ઝૂકે જરા,
સાત આકાશ ખૂલી જતા સામટાં,
જોઉં તો ઝળહળે જામમાં એ સ્વયં
ચૌદ બ્રહ્માંડનો ભેદ ભુલાવતાં !

સ્વવાચકની શોધ પછી પોતાના સ્વ-ભાવની અને સ્વ-રૂપની શોધ આ અલગારી કવિને કયા શિખર ભણી લઈ જાય છે ?! —

'ચડો ચાખડી, પવન પાવડી, જય ગિરનારી,
ક્યા હૈ મેરુ ક્યા હૈ મંદર, ચેત મછંદર !'

'લગી લેહ, લેલીન હુવે અબ ખો ગઈ ખલકત,
બિન માંગે મુગતાફર પાયા, ગોરખ આયા !'

રાજેન્દ્ર શુક્લનો જન્મ ૧૨-૧૦-૧૯૪૨ના રોજ મોસાળ બાંટવા (જિ. જૂનાગઢ)માં. ઉછેર ગિરનારના ખોળે. વતન જૂનાગઢ, પ્રાથમિક શિક્ષણ બાંટવા તથા મજેવડીમાં અને માધ્યમિક શિક્ષણ તથા ઇન્ટર આર્ટ્સ સુધીનું શિક્ષણ જૂનાગઢમાં, ત્યારબાદ સંસ્કૃત અને પ્રાકૃત વિષયો સાથે બી.એ. (૧૯૬૫) તથા એમ.એ. (૧૯૬૭) અમદાવાદમાં. ૧૯૮૨ સુધી વિવિધ કૉલેજોમાં અધ્યાપનકાર્ય. શબ્દ અને છંદ-લયના સંસ્કાર ગળથૂથીમાંથી મળેલા. કેફિયત રજૂ કરતાં એમણે નોંધ્યું છે :

" 'આંખ ખૂલી હતી કોક એક
શ ા બ દ થ ા ી ,
એ જ શબ્દે થશે પૂર્ણ એક જાતરા...'

(આ એક શબ્દ શૈશવના પરોઢની તંદ્રામાં અને નાનીમાના કંઠે અનેક વાર સાંભળેલી પંક્તિમાં આવતો તે અકબંધ યાદ રહ્યો છે – 'આજ મને આનંદ વાધ્યો અતિ ઘણો...')"

('સર્જકની આંતરકથા', ૧૯૮૪, પૃ. ૬૦)

કેફિયત રૂપે વધારે વાત કરવાને બદલે રાજેન્દ્ર શુક્લે પોતાની કેટલીક પંક્તિઓ જ ટાંકી હોઈ ઉમાશંકરે સર્જકની આંતરકથાના સંપાદકીય – 'સર્જનનો ચહેરો'માં નોંધ્યું છે :

"બધા કવિ-સર્જકો-ને ગદ્ય લખવાનું ફાવે જ એવું નથી. ઘંટડી રણક્યા કરે તો ફોન પર ગદ્યમાં જવાબ આપે, ગદ્ય લખાણ લખવા બેસશે જ એમ કોણે કહ્યું ? સંસ્કૃતના અભ્યાસી, નીવડેલા કવિ રાજેન્દ્ર શુક્લ દાઢી સહેજ આગળ ફરકાવીને કહે કે, 'એમ.એ.ની પરીક્ષા પછી આ પહેલી વાર ગદ્ય લખ્યું.' અને લખ્યું ત્યારે અહોહોહો કેટલું બધું ? ભરીપૂરી અગિયાર લીટી !"

આ કવિ ગદ્યમાં કેફિયત આપવાનું ભલે ટાળે, પણ અનેક ગઝલોમાં એમણે કેફિયત રજૂ કરી છે, ગઝલ વિશેય અનેક ગઝલો રચી છે. જેમ કે, 'In my Workshop' તથા 'ગઝલની સર્જનપ્રક્રિયા વિશે', 'સભર સુરાહી' આદિ.

'ગઝલની સર્જનપ્રક્રિયા વિશે'નો પહેલો જ શેર જુઓ –

"ફફડી જવાય એવી અકળ ચોટ હોય


પરબ ❖ ૨૦૦૭ • ૭

છ ` ,
ના પ્રક્રિયા કશીય, એ વિસ્ફોટ હોય
છ ` . ' ,

આવી 'અકળ ચોટ' કે 'વિસ્ફોટ' કંઈ અચાનક નથી થતાં, એની પાછળ ઘણી સાધના રહેલી હોય છે –

"છેદું, ઘસું, તપાવું, શ્વસું
૨ । ७ ૬ ૨ । ७ ૬ ਜ । ` ,
અવતારવા કદાચ મથું છું અવાકને !"

અવાકને અવતારવાની આ મથામણમાં જન્મજાત સંસ્કાર ઉપરાંત, સંસ્કૃત-પ્રાકૃત-તત્ત્વજ્ઞાન-સંગીત આદિનો અભ્યાસ, ગિરનારનો પરિવેશ, લોકબોલી, તખ્તસિંહ પરમાર જેવા ગુરુ, મનુભાઈ ત્રિવેદી – 'સરોદ', 'ગાફિલ'નો સંપર્ક અને સમકાલીન કવિમિત્રોનોય ફાળો રહ્યો હોય તેમ જણાય છે. જેવો પ્રેમ ગઝલ માટે એવો જ પ્રેમ ગઝલપઠન માટેય. ગદ્યમાં લખવાનું ટાળતા આ કવિ પાસે જો ગઝલ સાંભળવા બેસો તો ઉત્સાહથી કલાકોના કલાકો સુધી ગઝલ પર ગઝલ સંભળાવ્યા કરે.

માત્ર વીસ વર્ષની વયે રાજેન્દ્ર શુક્લનું પ્રથમ કાવ્ય ૧૯૬૨માં 'કુમાર'માં પ્રગટ થયેલું. ૧૯૭૦માં એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કોમલ રિષભ' પ્રગટ થયો. જેમાં છાંદસ, અછાંદસ કાવ્યો તથા ગીતો, ગઝલોનો સમાવેશ થયો છે. આ સંગ્રહમાં એમનો પોતીકો અવાજ પ્રગટ કરતાં કાવ્યો-ગીતો-ગઝલો — 'અવાજ', 'ઊંટ ભરીને આવ્યું રે', 'અમથું રે અડકાડ્યું જીરણ દ્વાર', 'દૂર દૂર પરહરતાં સાજન', 'નખમાં નીરખું નગર', 'દખણાદી દોઢીના દરવાનનું મૃત્યુ', 'મૌન', 'કોઈ' આદિ સાંપડે છે. ૧૯૮૧માં બીજો કાવ્યસંગ્રહ 'અંતરગાંધાર' પ્રગટ થયો, જેમાં 'અર્ધગીતિ', 'ભજનગીતિ', 'ચલમ ખંખેરી ઊઠો અહીંથી—' આદિ તથા વિશિષ્ટ-વિલક્ષણ દીર્ઘકાવ્યરચના 'સ્વવાચકની શોધ' સાંપડે છે. ભારતીય સંસ્કૃતિ તથા ભારતીય કાવ્યપરંપરાના સંસ્કાર ઝીલીને, પચાવીને આ કવિએ આધુનિક પ્રયોગશીલ રચનાઓ આપી છે, એમાંનું ઝીણું નકશીકામ તથા આકાર અંગેની સ-જાગતા ધ્યાનાર્હ છે. પણ છેલ્લાં ઘણાં વર્ષોથી તેઓ ગઝલનું જ સર્જન કરતા રહ્યા છે એનાથી ગુજરાતી ગઝલને તો લાભ થયો છે, પણ ગુજરાતી કવિતાને – ગઝલેતર કવિતાને ઓછું આવે એવુંય બન્યું છે. છેલ્લાં ઘણાં વર્ષોથી એમની પાસેથી સુખડ જેમ ગઝલો ઊતરતી રહી છે ને ગઝલના જ કરતાલ બજતા રહ્યા છે. ગઝલના લગભગ બધા જ છંદો પર આ કવિનું પ્રભુત્વ છે, પણ તત્ત્વજ્ઞાન, નરસિંહ, ગિરનાર આદિના અનુસંધાને ઝૂલણા આ 'ગઝલકરતાલપંથી'ને વિશેષ અનુકૂળ નીવડે છે. સંસ્કૃત-પ્રાકૃત-ઉર્દૂ બોલચાલના તળપદા શબ્દો આદિથી ગુંથાયેલી એમની બાની અધ્યાત્મ તથા સૂફીવાદને સાનુકૂળ નીવડે એવી રીતે ઘુંટાઈને પ્રગટ થાય છે. શબ્દો, છંદો તથા dictionનું વૈવિધ્ય ધ્યાનપાત્ર બની રહે છે.

'ગઝલસંહિતા' (પાંચ મંડલો)માં ૪૫૪ ગઝલો પ્રાપ્ત થાય છે, જેમાં 'કોમલ રિષભ'ની ગઝલો સમાવી લેવાઈ છે. આ પાંચ મંડલોનાં શીર્ષકો — 'સભર સુરાહી', 'મેઘધનુના ઢાળ પર', 'આ અમે નીકળ્યા', 'ઝળહળ પડાવ', અને 'ઘિર આઈ ગિરનારી છાયા' સૂચક છે. આમાંની ઘણીબધી ગઝલોએ ગુજરાતી ગઝલકવિતાને સમૃદ્ધ કરી છે તથા ગઝલક્ષેત્રે એક અલગ કેડી રચી છે, જેને 'ગઝલકરતાલપંથ' કહીશું ?



૨૨-૬-૨૦૦૭ – **યોગેશ જોષી**

Parab Online
July 2007
Page: 4

# પ્રમુખશ્રીનો પત્ર

પરિષદ-પરિવારના પ્રિય સ્વજનો,

ભારતીય ભાષામંચ પર હાંસિયામાં રહેલી ભાષાઓની ગતિવિધિ કેવી હશે ? ભારતીય બંધારણમાં છેલ્લા થોડાક સમયમાં કોંકણી, મણિપુરી, બોડો, મૈથિલી, ડોગરી અને સંતાલી જેવી માન્ય ભાષા બોલનારા ભાષકોએ પોતાની માતૃભાષા કાજે દીર્ઘ અને તીવ્ર સંઘર્ષ વેઠ્યો છે. માતૃભાષાની માન્યતા માટે આંદોલનો થયાં છે અને ક્યાંક એ આંદોલનોમાં કેટલીક વ્યક્તિઓએ પ્રાણ પણ ગુમાવ્યા છે. આ સંઘર્ષના મૂળમાં વાત હતી માતૃભાષામાં શિક્ષણ આપવા અંગેની. એ ભાષાપ્રેમીઓ ચાહતા હતા કે અમને અમારી માતૃભાષામાં શિક્ષણ મળવું જોઈએ. કાશ્મીરમાં સત્તાવાર ભાષા તરીકે ઉર્દૂ અને બીજી ભાષા તરીકે અંગ્રેજી કે હિંદી પ્રયોજાતી હતી. વિચિત્ર વાત તો એ છે કે કાશ્મીરની ખીણના પ્રદેશોમાં પહેલાં કૉલેજ અને યુનિવર્સિટીમાં કાશ્મીરી ભાષા શીખવવાનો પ્રારંભ થયો અને અત્યારે નિશાળના અભ્યાસક્રમમાં દાખલ કરવા પ્રયત્ન થાય છે.

સંતાલ જાતિની આદિવાસી પેટાજાતિ ખેરવાલમાં જન્મેલા પં. રઘુનાથ મુર્મૂને ઊડિયા ભાષામાં અભ્યાસ કરતાં મન લાગ્યું નહીં. એમને હૈયે એમની માતૃભાષા વસી ગઈ હતી તેથી સંતાલી ભાષાના વિકાસ માટે 'એક ભાષા – એક લિપિ'નો આગ્રહ રાખીને ઑલચિકી લિપિને પ્રતિષ્ઠા અપાવી. તેમણે સ્વયં એ ભાષામાં સાહિત્યસર્જન કર્યું. તાજેતરમાં ભારત સરકારના આયકર-વિભાગમાં કાર્ય કરતા 'દ ચિરાગલ' નામના ત્રૈમાસિકના સંપાદક રામચંદ્ર મુર્મૂએ 'ગુરુ ગમકે પંડેત રઘુનાથ મુર્મૂ'નું જીવનચરિત્ર લખીને એમના માતૃભાષાના કાર્યને બિરદાવ્યું છે.

આજે કોંકણી ભાષામાં ઘણા સર્જકો જુસ્સાભેર સર્જન કરી રહ્યા છે અને એ ભાષાને વામન રઘુનાથ વરડે વલુનીકરે જાતિ અને ધર્મના ભેદથી મુક્ત કરી, હિંદુ-ક્રિશ્ચિયન તમામ કોંકણીઓને એક કર્યા અને આધુનિક કોંકણી સાહિત્યના પ્રવર્તક બન્યા. કોંકણી એક એવી ભાષા છે જે પાંચ-છ લિપિમાં લખાતી હતી. પહેલાં બ્રાહ્મી લિપિમાં લખાતી કોંકણી, રોમન, કન્નડ, મલયાળમ અને અરબી લિપિઓમાં પણ લખાય છે. ૧૯૮૭ની ૪થી ફેબ્રુઆરીએ દેવનાગરી લિપિમાં લખાતી કોંકણી ભાષા ગોવાની સત્તાવાર ભાષા બની. આ બધી ભાષાઓની જાળવણી માટેના પ્રયત્નની પાછળ પોતાની સંસ્કાર તેમજ સંસ્કૃતિની અસ્મિતાને, પોતાની પ્રાચીન સાહિત્ય-પરંપરા તેમજ મૂલ્યવ્યવસ્થા જાળવવાનો એમના સર્જકો અને ભાષકોનો ઉદ્દેશ રહેલો હોય છે.

કોંકણી ભાષાની પણ આવી જ વિચિત્ર પરિસ્થિતિ હતી. ત્યાં પોર્ટુગીઝ ભાષા સત્તાવાર ભાષા થઈ. ગોવાના ક્રિશ્ચિયનોએ પોર્ટુગીઝ અપનાવી અને હિંદુઓએ મરાઠી અપનાવી. આથી બન્યું એવું કે ગોવામાંથી સ્થળાંતર કરી ગયેલા લોકોએ ગોવાની આ વર્તમાન રાજભાષાને જીવતી રાખી. માતૃભાષાને ટકાવવા અને સમૃદ્ધ કરવા ભાવકો અને સર્જકોએ ધૂણી ધખાવી. આ ભાષાના સર્જકોમાં વિશેષે અધ્યાપકો, ઇજનેરો અને સરકારી અધિકારીઓ જોવા મળે છે. વળી આમાંના કેટલાક સર્જકો પૂર્વે હિંદી કે અંગ્રેજીમાં રચના કરતા હતા, તે હવે માતૃભાષા

તરફ વળ્યા છે.

હિંદી, પંજાબી, ઉર્દૂ ને અંગ્રેજી જાણતા ડોગરી ભાષાના સર્જક દર્શન દર્શીને ખ્યાલ આવ્યો કે જેમ પ્રેમ અને ગીત પર્યાયરૂપ છે, તે જ રીતે કવિતા અને માતૃભાષા પર્યાયરૂપ છે. આથી એમણે ડોગરી ભાષામાં આધુનિક કાવ્યસંવેદના, નવીન કલ્પના તથા મૌલિક વિષયવસ્તુ સાથે કાવ્યસર્જન કર્યું. છેક અઢારમી સદીથી ડોગરીમાં રચનાઓ થતી હતી, પણ એને રાષ્ટ્રીય ભાષાનો દરજ્જો તો ૨૦૦૩ની ૨૨મી ડિસેમ્બરે મળ્યો. આ ભાષાની અનેક બોલીઓ મળે છે, કારણ કે ભારતીય આર્યકુળની આ ભાષા ભારત અને પાકિસ્તાનમાં બોલાય છે. જમ્મુ, કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને છેક પંજાબ સુધી એના ભાષકો મળે છે.

પોતાના આગવા મૂળાક્ષરો ધરાવતી સંતાલી ભાષા ઝારખંડ, અસમ, બિહાર, ઓરિસા અને પશ્ચિમ બંગાળમાં મળે છે; જ્યારે મણિપુરી ભાષા તો મણિપુર, અસમ, ત્રિપુરા ઉપરાંત બાંગ્લાદેશ અને મ્યાનમારમાં પણ મળે છે. મણિપુરની એ રાજભાષા છે. મણિપુરી ભાષાના લેખક શરતચાંદ થિયામ વ્યવસાયે તો સરકારી જુનિયર એન્જિનિયર છે, પરંતુ વિચારે છે કે આ સરકારી નોકરી છોડીને માત્ર લેખન પર નિર્વાહ થઈ શકે તો કેવું સારું ? શરતચાંદ થિયામે લખેલી ગ્રીસની પ્રવાસકથા 'નુઙશિબી ગ્રીસ'ને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો અને એમના આ પ્રવાસવર્ણનમાં રાષ્ટ્રભક્તિ, આંતરરાષ્ટ્રીયતા તથા ગ્રીસના પ્રાચીન ઇતિહાસ, મહાકાવ્ય, રાજકારણ અને સમાજ પ્રત્યેનો એમનો શ્રદ્ધાભાવ પ્રગટ થાય છે. મણિપુરની વર્તમાન પરિસ્થિતિથી અતિ વ્યથિત થિયામને લેખનમાં જ શાંતિ અને આશાયેશ મળે છે. મણિપુરી ભાષામાં મહાસદ્ભાગ્ય હોય તેને જ કોઈ પ્રકાશક મળે છે. જોકે એમના કહેવા પ્રમાણે પ્રકાશનની પ્રતિકૂળતા હોવા છતાં શોખથી લેખન કરનારાઓની ઘણી મોટી સંખ્યા છે.

સિક્કિમ અને નેપાળની સત્તાવાર ભાષા નેપાળી છે. સિક્કિમ રાજ્યના મુખ્યપ્રધાન ડૉ. પવન ચીમલિંગ સ્વયં કવિ છે અને અત્યાર સુધીમાં એમનાં બસો પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યાં છે. નાનકડા સિક્કિમ રાજ્યનાં ગામડાંઓમાં એમણે એકસો જેટલાં ગ્રંથાલયો સ્થાપ્યાં છે. કદાચ ભારતનું આ એકમાત્ર રાજ્ય હશે કે જ્યાં સાહિત્ય અકાદમી પુરસ્કારવિજેતાને દર મહિને વિશિષ્ટ આર્થિક સહાય આપે છે. એના જાણીતા સર્જક ભીમ દાહલ ૧૯૫૪માં પશ્ચિમ સિક્કિમના થિંબુગોંગમાં જન્મેલા છે. લેખક, પત્રકાર અને ત્રણ ત્રણ વખત લોકસભાના સભ્ય બનનાર આ સર્જકે ગામડાંઓમાં રહેનારા લોકોના રોજિંદા જીવનમાં રાજકીય હસ્તક્ષેપને કારણે થતા સામાજિક પરિવર્તનનો એમની નવલકથા 'દ્રોહ'માં આલેખ આપ્યો છે.

આવી જ ગ્રામજીવનની વાત સમૃદ્ધ કથાસાહિત્ય ધરાવતી મૈથિલી ભાષાના સર્જક વિભૂતિ આનંદે એમના અકાદમી-પુરસ્કૃત 'કાઠ' નામના કથાસંગ્રહમાં કરી છે જેમાં મિથિલા ક્ષેત્રના ગ્રામીણ સમાજની વિસંગતિઓ પર વ્યંગ્ય પણ છે. આ સર્જકના હૃદયમાં હંમેશાં પોતાનું ગામ વસે છે. ગામમાં પહેલી વાર શરૂ થયેલા પેટ્રોલ પંપના પેટ્રોલની ગંધ અને ગામમાં પહેલી વાર મોટરનું આગમન થતાં જોવા મળેલો લોકજુવાળ – એ બધું આ સર્જક ભૂલ્યા નથી. મહાન કવિ વિદ્યાપતિની ભાષા મૈથિલી હતી. એ ભાષા વિશે સર જ્યૉર્જ અબ્રાહમ ગ્રિયર્સને વ્યાકરણ રચ્યું હતું. પરંપરાગત રીતે મૈથિલી લિપિમાં લખાતી આ ભાષા અત્યારે દેવનાગરી લિપિમાં લખવામાં આવે છે.



આ બધી ભાષાઓની લિપિ પણ એક સ્વતંત્ર અભ્યાસનો વિષય બને. જેમ કે ભારત અને પાકિસ્તાન બંનેમાં સત્તાવાર દરજ્જો ધરાવતી સિંધી ભાષા દેવનાગરી લિપિ અને થોડી વધુ સરળ બનાવાયેલી અરબી લિપિ – એમ બંને લિપિમાં માન્ય છે.

આ ભાષાના સર્જકોને એમના સર્જન માટે વિરોધ સહન કરવો પડ્યો હશે ખરો ? છેલ્લાં ત્રીસ વર્ષથી કોંકણી ભાષા માટે આપણા નર્મદ જેવા ધખારાથી માતૃભાષાનો પ્રેમ દર્શાવનાર દત્તા દામોદર નાયકને તેમણે 'સમાજપ્રબોધન'ના હેતુથી લખેલા તીખા, તર્કપૂર્ણ નિબંધોને કારણે ઘણું સહન કરવું પડ્યું. કુશળ વેપારી, પ્રખર સમાજસુધારક અને સતત પ્રવાસી એવા દત્તા દામોદર નાયકના વિચારોનો વિરોધ કરતા નનામા પત્રો, ફોન કે ધમકીઓ તો આવ્યાં; પણ એથીય વધુ એમના વ્યાપારી પ્રતિષ્ઠાન પર રાજકીય દ્વેષ રાખી હુમલો કરવામાં આવ્યો અને એમને કારાવાસ પણ ભોગવવો પડ્યો. આમ છતાં આ સર્જક પોતાના વિચારો અને સર્જનમાંથી સહેજેય ડગ્યા નહીં.

આસામના સિંબલિગુડીમાં ૧૯૬૪માં જન્મેલા કાતિન્દ્ર સોરગિયારિ નામના નિશાળના સહાયક શિક્ષકને એમના સર્જનને કારણે ઘણું સહન કરવું પડ્યું. ૧૯૬૬માં આસામના ગુવાહાટીમાં આવેલા આકાશવાણીના બોડો ભાષા વિભાગે એમની સાથે બે કાવ્ય માટે કરાર કર્યો. એ કાવ્યો હતાં 'જીડો નવેંબર' (૧૬ નવેમ્બર) અને 'ફુલબીલીની સિમાંક' (વહેલી પરોઢનું સ્વપ્ન). કાતિન્દ્ર પાસે રેડિયો-સેટ નહોતો, તેથી એણે મિત્રના ઘેર જઈને આકાશવાણી પર પોતાનું નામ પહેલી વાર સાંભળ્યું, ત્યારે અતિરોમાંચ અનુભવ્યો.

આ લેખકે 'તુલુંગા' (પ્રેરણા) નામનું સાપ્તાહિક શરૂ કર્યું. ગુવાહાટી શહેરના ધીરેન્દ્ર પરામાં આવેલી એક નાનકડી ખોલીમાં એના કમ્પોઝ અને પ્રૂફરીડિંગનું કામ થતું. સાપ્તાહિકમાં આવેલા સમાચારોને કારણે કેટલાક આતંકવાદીઓ ગુસ્સે ભરાયા અને ૧૯૯૬ની ૩જી ડિસેમ્બરે આ આતંકવાદીઓએ સાપ્તાહિક પ્રકાશનના કાર્યમાં મદદરૂપ એવા સોરગિયારિના સંબંધી અને દસમા ધોરણના વિદ્યાર્થી જાગેશ ઓઝીરની હત્યા કરી. આતંકવાદીઓના આ હુમલામાં વિતરણ-વિભાગના સહાયક શ્રી ગોબિંદા બોરો ગંભીર રીતે ઘાયલ થયા. સોરગિયારિએ એમના સાપ્તાહિક સમાચારપત્ર 'તુલુંગા'ના તંત્રીલેખોમાં આતંકવાદવિરોધી લેખો લખ્યા હતા અને નિર્દોષ લોકોની નિર્મમ હત્યા સામે અવાજ ઉઠાવ્યો હતો. એક આતંકવાદી ટોળી આ તંત્રીની હત્યા કરવા ચાહતી હતી. એમણે સાપ્તાહિક બંધ કરવા અથવા મોતને નિમંત્રવા કહ્યું. આ સંદર્ભમાં અસમ સરકારે સોરગિયારિ કે એના કુટુંબને કોઈ રક્ષણ પૂરું પાડ્યું નહીં. આતંકવાદીઓની ધમકી અને ક્યારેક હુમલા થવા છતાં 'તુલુંગા'નું પ્રકાશન બંધ થયું નહીં. 'તુલુંગા'ના પ્રકાશન દરમિયાન સોરગિયારિના જીવનમાં કેટલીક મૂલ્યવાન અને આનંદદાયક ક્ષણો આવી. એ સાપ્તાહિકની ખોલીમાં સાથીઓ સાથે રહેતો. ક્યારેક પુષ્કળ કામ હોય તો ભૂખને પણ ભૂલી જતો. આમાં જગેન્દ્ર ડીમરી એને ખભેખભો મિલાવીને સાથ આપતો હતો. જગેન્દ્રે દિલ્હી જોયું નહોતું એથી એક વાર દિલ્હી જોવાની ઇચ્છા પ્રગટ કરી હતી, પરંતુ એની અણધારી હત્યા થઈ. નવલિકાકાર, પત્રકાર અને સાહિત્યપ્રેમી જગેન્દ્રના હત્યારાને હજી અસમ સરકાર શોધી



Parab Online
July 2007
Page: 5

શકી નથી.

પોતાની અકાદમી-પુરસ્કૃત નવલકથા ‘સાનમોખાંઆરિ લામાજોં’માં આ બોડો જનજીવનનું સૂક્ષ્મ વર્ણન સશક્ત ગદ્યશૈલીમાં આલેખાયું છે. બે કવિતાસંગ્રહ, બે વાર્તાસંગ્રહ, બે નવલકથા, અગ્રલેખોનો સંગ્રહ, ત્રણ અનુવાદિત કૃતિઓ અને એક નાટક લખનારા કાતિન્દ્ર સોરગિયારિ મોતના ઓથાર હેઠળ સતત સર્જન કરતા જાય છે – માત્ર પોતાની માતૃભાષા બોડોના પ્રેમને ખાતર.

સાહિત્ય અકાદેમીના પંચ પર દેશની વિભિન્ન ભાષાના સર્જકોની મુલાકાત એ માટે આશ્ચર્યપ્રેરક બને કે આપણા દેશની અન્ય ભાષાઓ વિશે આપણે કેટલી નહિવત્ માહિતી ધરાવીએ છીએ તેનું ભાન આપણને તેથી થતું હોય છે.

– કુમારપાળ દેસાઈ

❒

**સર્જન અને સાહિત્ય**

(દસ્તાવેજી ફિલ્મ શ્રેણી)

**મકરન્દ દવે, રાજેન્દ્ર શાહ,**
**મનુભાઈ પંચોળી ‘દર્શક’**

**નિર્દેશક : પરેશ નાયક**

: પ્રાપ્તિ :

**ગુજરાતી સાહિત્ય પરિષદ કાર્યાલય / ગ્રંથાગાર**
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

**દરેક સી.ડી.ના માત્ર રૂ. ૬૦/-**

# કવિતા

## વાદળો થતાં જોઈને | ઉશનસ્

ચલો, પાછું પેલું શરૂ થઈ ગયું એમનું ફરી
પડ્યા ખુલ્લા લાંબા વખતથી નભે આવવું-
જ ટ ા ુ ં ;
હવાના હિલ્લોળે ચઢી તરલદોલે હીંચકવું;
પહાડોની પૂંઠે શિખર પર દેખા દઈ, જરી
ટકી, ડોકાઈને અદીઠમુલકે જાવું ઊતરી;
હવે પાછી પેલી શરૂ થઈ જશે ભ્રાન્તિ ય વળી;
ઘનોની છત્રીની થતી ઊઘડવાસે – ધૂપ ઘડી,
ઘડી છાયા, જાણે ઘરપગથિયાં કોઈક ચઢી
ઘરે આવે છે, ને તરત જ જતું પાછું ઊતરી
વિના બોલ્યા, પેલા જનમ તણી રીસે, શુંય
ર મ ા ર ી !
સુદૂરે વ્રેહી કો દગનું ફરી મીંચાવું-ખૂલવું
શરૂ, તડૂકે-છાંયે પૃથુપ્રથમીમાળે પલકવું;
થશે અંતર્યાળે ફરી સહુ જીવો પ્રીતિતરસ્યા;
હશે પડ્ખે છોને પ્રિયજન; છતાં યક્ષની દશા !



પરબ ❖ ૨૦૦૭ • ૭

## તળાવ | રમણીક સોમેશ્વર

ક્યારેક અચાનક
બની જાઉં છું તળાવ

ક્યારેક વમળ
ક્યારેક તરડ પડેલી સૂકી માટી
સપાટી પરથી કોઈ
ન પામી શકે ભેદ
આમ જુઓ તો
અઢળક છેદ
ને છેદે છેદે
સાવ જુદું સંગીત
આવ-જા કરે પવન
ને ઊભરાય વાંસવન
વન નહીં
વાંસ.
વાંસ નહીં
વાંસળી.
પણ
સૂકી સપાટી પર તો રઝળે
હાડકાં ને પાંસળી
ઊડે સમડીનું ટોળું
જીર્ણ વાવના કાંઠે
ઝૂર્યા કરે હવડ એકાંત
અઢળક છેદ માટીના
ને છેદે છેદે ભેદ
હડપ્પાથી હિમાલય સુધીના...

ભરેલા તળાવમાં
વમળ – વ્યૂહ
કાંકરીચાળાના સપાટી તરંગો
ઊંડે ને ઊંડે ઊતરતા જાય
ભમ્મરિયા વમળ થઈને.
વમળમાં ફંગોળાય
ચૂંદડી – ચોખા
ને ચીંથરે વીંટ્યાં અરમાન
ફંગોળાય ફરમાન
અકાળ મૃત્યુના
વધેરેલ શ્રીફળની કાચલી
ચક્કર ચક્કર ફરતી
ઘૂમ્યા કરે વમળમાં
કમળ-પોયણાં ખીલ્યાં'તાંની યાદ
તગતગ્યા કરે
સૂકી સપાટી પર
ગ્રીષ્મના કાળઝાળ સૂરજ સાથે

સુકાય માટી
ને સુકાય એટલામાં તો
ડેરા-તંબૂ તાણી
નાખે કોઈ પડાવ.
પડાવ ગાડલિયાનો
ટપ્ ટપ્ અવાજ
હથોડાનો
સાંય સાંય ધ્વનિ અગ્નિનો
લોઢાના ટીપવાનો
જનમતા – મરતા
બાળકનો – માણસનો
વણઝારોની વણઝાર
સરકસના ખેલ
હમેલ
જમેલા જાતજાતના
ઝીલતી રહે માટી.

મોતનો કૂવો
અને ખંડેરી વાવ
એકમેકમાં નાખે પડાવ.
આકાશ મૂંગુંમંતર
તાક્યા કરે.

કાંઠે મંડાય હાટડીઓ
બસનો ડેપો
ધાંય ધાંય ધુમાડો વાહનોનો
તાંસળી જેમ
ચત્તીપાટ પડેલી કાયા પર
ફૂટી નીકળેલાં ગૂમડાં જેવાં
ઝૂંપડાં
ને ઝર્યા કરતાં
રક્ત-માંસ-પરુ
ફાટી આંખે
જોયા કરતું તળાવ.

ક્યારેક
અચાનક...



## માટી | રામચન્દ્ર પટેલ

૧

માથું જરાક દઉં ખેતરચાસ શેઢે
સૂવું : ન જાણ, પળ પાતળું રૂપ
અ ા દ ર ી
માટી, શરીર પગથી ચઢીને પ્રવેશી
દીવો કરે કપૂરનો મુજ નાભિ મધ્યે.

એ લોહ, સાથ ઘડતી દ્યુતિ ફેફસામાં
ને કોષ કોષમહીં હીરકદ્રવ્ય ગૂંથે.
રત્નો મઢ્યું ઝળહળે ઘર, આઠ ઓરડે
ચાલ્યા કરે યમયમીનું વસંત નૃત્ય.

અંધારું જો વધી પડે થઈ વીજ ઘૂરકે...
કોરાવતી પછી છ ઋતુ; વણાટ
ર ા મ ા ં ન ા ુ ં .
મોતી સજે હૃદયની છીપમાં અનોખાં,
ને આંખમાં પ્રસવતી જલ-વાયુ મોજાં.

જે દેહમાંહ્ય શિવ-જીવનું ઐક્ય બાંધે,
ઘૂમે, રમે સહજ એ લઈ કાળ કાંધે.

૨

ફોરાં પડ્યાં પલળી ભૂમિ જરાતરા,
ૃ ટ ા ા ં
માટી સમીર સમ સોડમ છોડવામાં
તલ્લીન : સીમનું થયું તળિયુંય ભીનું.
આબોહવા મઘમઘાટ, મલાર
િ ૦ ા ર ૯ ા ર ે . . .

– પાછી દરેક તરુનાં મૂળમૂળિયાંમાં
દીવો ધરે ચરણસ્પર્શ કરી અદશ્ય
થાતી, પછી રણઝણે ફળફૂલ પાંદડે.

વૈશાખ-શ્રાવણમહીં પડખાં ફેરવે,
ઝ ૦ ા ે
રંગો, બધે રણકતાં કરી દે ઘરેણાં.
વૈતાલ દેવકુલિકા ભરી કૂદકા, સરે...
પાનોઠ પંખ પવને ઊડતાં પતંગિયાં
રેલે પ્રભા જળવતી દગ, મૌનમુદ્રા.

હું જોઉં એ અહીંતહીં ન કશુંય જોતી
ઊભી રહી, શરીર અન્યનું મેલું ધોતી.

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

### લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો જ અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯





# ફરવા આવ્યો છું | નિરંજન ભગત

અંગ્રેજી ભાષાંતર : પ્રદીપ ખાંડવાલા

જન્મ: ૧૮-૫-૧૯૨૬

જન્મસ્થળ અને વતન : અમદાવાદ

કાવ્યગ્રંથ : 'છંદોલય' (૧૯૪૭), 'કિન્નરી' (૧૯૫૦), 'અલ્પવિરામ' (૧૯૫૪), 'છંદોલય' (સંવર્ધિત આવૃત્તિ, ૧૯૫૭, અગાઉના ત્રણેય સંગ્રહોમાંથી ચૂંટેલાં કાવ્યો તથા અન્ય કાવ્યોનો સંગ્રહ), '૩૩ કાવ્યો' (૧૯૫૮), 'છંદોલય બૃહત' (૧૯૭૪, એમની સમગ્ર કવિતાનો સંપુટ)

કુમાર ચંદ્રક (૧૯૪૯), નર્મદ સુવર્ણચંદ્રક (૧૯૫૭), રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૬૯), ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર (૧૯૯૩), સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર (૧૯૯૯), નરસિંહ મહેતા એવૉર્ડ (૨૦૦૧).

## ફરવા આવ્યો છું | નિરંજન ભગત

હું તો બસ ફરવા આવ્યો છું !
હું ક્યાં એકે કામ તમારું કે મારું કરવા આવ્યો છું ?
અહીં પથ પર શી મધુર હવા
ને ચ્હેરા ચમકે નવા નવા !
– રે ચહું ન પાછો ઘેર જવા !
હું ડગ સાત સુખે ભરવા અહીં સ્વપ્નમહીં સરવા આવ્યો છું !
જાદુ એવો જાય જડી
કે ચાહી શકું બેચાર ઘડી
ને ગાઈ શકું બેચાર કડી
તો ગીત પ્રેમનું આ પૃથ્વીના કર્ણપટે ધરવા આવ્યો છું !
હું તો બસ ફરવા આવ્યો છું !

## I Have Come for a Stroll | Niranjan Bhagat

I have come just for a stroll !
I haven't come, have I
to perform mine or your chore ?
On this path such a pleasant breeze
and such sparkle on fresh, new faces !
Oh ! I do not want to return home !
I have come to take but seven happy steps
and slide into a dream !
If I can find the magic
to love for a few hours
and sing a few verses
then to everyone's ears I would offer
the song of rapture !
I have come just for a stroll !

Tr. : Pradip Khandwalla

(પ્રગટ થનાર સંચય 'Beyond the Beaten Track'માંથી)




## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો

'પ્રવચન-શાંતિનિકેતન'

['પ્રવચન-શાંતિનિકેતન' : રવીન્દ્રનાથ ટાગોર, અનુ. નગીનદાસ પારેખ (ત્રણ ભાગમાંથી) ચયન : અનિલા દલાલ, પ્ર.આ. ૨૦૦૭, પૃ. ૧૬+૨૦૪, કિં. રૂ. ૧૧૦/-, ડિમાઈ, કાચું પૂંઠું]

'પ્રવચન-શાંતિનિકેતન' એટલે મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરને જે છાતીમ(સપ્તપર્ણી)ની છાયામાં પરમ શાંતિનો એકાએક બોધ થયો હતો, તે છાતીમતલાના પરિસરમાં ૧૮૯૧માં બાંધેલ કાચના કમનીય ઉપાસનામંદિરમાં અનેક બુધવારોની સવારે રવીન્દ્રનાથે આપેલાં પ્રવચનો અર્થાત્ કરેલાં ઉદ્બોધનો. આ પ્રવચનો 'શાંતિનિકેતન' નામથી સ્વયં રવીન્દ્રનાથે સંપાદિત કરેલાં. ગુજરાતીમાં નગીનદાસ પારેખે એ જ નામથી ત્રણ ભાગમાં એનો અનુવાદ કરેલો. અહીં એ ત્રણ ગુજરાતી ગ્રંથોમાંથી પસંદ કરીને પ્રવચનો આપ્યાં છે. ઉપનિષદની વાણી સાથે વિશ્વકવિ રવીન્દ્રનાથનું દર્શન અદ્ભુત રીતે વણાયેલું છે.

['મહારાજના મુખેથી અને બીજી વાતો' : સં. મગનભાઈ જો. પટેલ, પુનર્મુદ્રણ ૨૦૦૭, પૃ. ૨૪+૨૬૪, કિં. રૂ. ૧૪૦/-, ડિમાઈ, કાચું પૂંઠું]

મહારાજના મુખેથી અને બીજી વાતો

ગાંધીવિચારના વિદ્વાન મગનભાઈ જો. પટેલ સંપાદિત શ્રી રવિશંકર મહારાજનું આ પુસ્તક મહારાજનાં વ્યક્તિત્વ, વાણી અને વિચારનું યથાર્થ દર્શન કરાવે છે. મહારાજે વિનોબાજીની ભૂદાન પ્રવૃત્તિને પોતાનું જીવન અર્પણ કરીને, ગામડે ગામડે ફરી લોકો સુધી વિનોબાજીનો સંદેશો પહોંચાડવાનો સંકલ્પ કરેલો. રવિશંકર મહારાજની બોતેરમી વરસગાંઠને દિવસે પૂરાં પાંચ વર્ષ માટે મગનભાઈ દાદાની પદયાત્રામાં એમની અંગત સેવા માટે જોડાયા હતા. આમ દાદાના અંતેવાસી બનેલા એમણે દાદાના શતાબ્દી વર્ષ નિમિત્તે દાદાનાં જીવન, વિચાર અને કાર્યની ઝાંખી કરાવતી પાંચ પુસ્તિકાઓ સંપાદિત કરેલી. એમાંથી ચાર પુસ્તિકાઓનું એમણે ખંત અને ચીવટપૂર્વક પુનઃ સંપાદન કરી આપ્યું છે.

### ગુજરાતી સાહિત્ય પરિષદ

નદીકિનારે, 'ટાઇમ્સ' પાછળ, આશ્રમમાર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭
E-mail : gspamd@vsnl.net
Web-site : www.gujaratisahityaparishad.org

**આસ્વાદ**

# પથ્થરોમાં પ્રાણપ્રતિષ્ઠા કરતી વિશિષ્ટ કૃતિ...

રાધેશ્યામ શર્મા

## પ્રાર્થના

**અકસ્માતે અથડાતાં કૂટાતાં**
**ચાર પથ્થરો એકઠા થઈ ગયા.**
**વાતોએ ચઢ્યા.**
**એક કહે, 'હું મન્દિરમાં ચણાયેલો હતો**
**પણ મુસ્લિમોનાં ઝનૂની ટોળાંઓએ તોડફોડ કરતાં**
**છૂટો પડી હું અહીં પહોંચ્યો છું.'**
**બીજો કહે, 'હું મસ્જિદમાં ચણાયેલો હતો**
**પણ હિન્દુઓનાં ઝનૂની ટોળાંઓએ તોડફોડ કરતાં**
**છૂટો પડી હું અહીં પહોંચ્યો છું.'**
**ત્રીજો કહે, 'હું દેવળમાં ચણાયેલો હતો**
**પણ હિન્દુ-મુસ્લિમોનાં ટોળાંઓએ તોડફોડ કરતાં**
**છૂટો પડી હું અહીં પહોંચ્યો છું.'**
**ચોથો કહે, 'હું સિનેગોગમાં ચણાયેલો હતો**
**પણ ખ્રિસ્તીઓનાં ઝનૂની ટોળાંઓએ તોડફોડ કરતાં**
**છૂટો પડી હું અહીં પહોંચ્યો છું.'**
**ત્યાં તો, વાવાઝોડું થયું**
**ચારે સહેજસાજ હાલ્યા. હાલતાં હાલતાં વધુ નજીક આવ્યા.**
**ખભેખભા મિલાવી તેમણે પ્રાર્થના કરી :**
**'જોઈએ તો કોઈ ચક્રવાતમાં અમને દળી નાખજો**
**પણ અમને કોઈ ઝનૂની ટોળાંઓને હાથ ન ચઢવા દેશો.'**

('શબ્દસૃષ્ટિ'-૨૮૪નું ચોથું આવરણ) — **ચન્દ્રકાન્ત ટોપીવાળા**

'પ્રાર્થના' સાદાસીધા સોંસરા ગદ્યમાં રચાયેલ 'ફેબલ' – બોધકથા- કક્ષાનું કાવ્ય છે. ચાર પથ્થરો એકઠા થઈ પોતે જે સલામત સ્થિતિમાં (ચણાયેલા) હતા એ સૌ મુસ્લિમ – હિન્દુ – ખ્રિસ્તી – હિન્દુમુસ્લિમમિશ્ર ટોળાંઓએ ધર્મસ્થાનોમાં તોડફોડ કરી છૂટા પાડી નાખ્યા એની દારુણ કથની પરસ્પર કહે છે. ત્યાં તો, કુદરતકૃત વાવાઝોડું આવે છે એટલે ચારે પથ્થરિયાં પાત્રોને નિકટ આવવાની ફરજ પડે છે. 'આફતમાં સૌ એક'ના ન્યાયે પથ્થરમાં કુશળ કર્તાએ પ્રાણપ્રતિષ્ઠા કરી છે ! કેવી ? તે ભાગ આસ્વાદ્ય ઊતર્યો છે : 'ચારે સહેજસાજ હાલ્યા. હાલતાં હાલતાં વધુ નજીક આવ્યા.' 'હાલતાં હાલતાં' પ્રયોગ નોંધપાત્ર. 'ચાલતાં ચાલતાં' લખ્યું હોત તો 'હાલતાં હાલતાં' જેટલી જીવંતતા ના વરતાત. 'ચારે સહેજસાજ હાલ્યા'ના વર્ણનથી પાષાણોમાં શનૈર્શનૈ પ્રાણસંચારનો અનુભવ સાધારણીકરણ પામ્યો. અન્તિમ ત્રણ લીટી વાવાઝોડું આવ્યા પછીની પ્રાર્થના છે જે એલિયટના કેથેડ્રલ-કોરસની યાદ આપે એવી સ-ચોટ અને સૂચક છે :

ખભેખભા મિલાવી તેમણે પ્રાર્થના કરી :

**'જોઈએ તો કોઈ ચક્રવાતમાં અમને દળી નાખજો**
**પણ અમને કોઈ ઝનૂની ટોળાંઓને હાથ ન ચઢવા દેશો.'**

વાવાઝોડું 'થયું' પ્રયોગ સુભગ નથી લાગ્યો જેટલો 'ચક્રવાતમાં અમને દળી નાખજો.' 'દળી' નાખજોના પ્રયોગ ચક્રવાત પોતે – મહાકાળનું ઘંટીચક્ર હોય એવો સદ્ય અહેસાસ કરાવે છે.

ઝનૂની ટોળાં કોઈ એક કોમનો ઇજારો નથી એ પ્રસ્તુત કૃતિનો મેસેજ છે ! ક્રમશઃ ઘાતક કૃત્યો કોમાનુસાર આમ છે. મુસ્લિમ, હિન્દુ, હિન્દુમુસ્લિમ એકત્રિત, અને છેલ્લે ખ્રિસ્તી. ટોળાંઓનું ઉત્પ્રેરક પરિબળ ઝનૂન છે. ઝનૂન કોમો વચ્ચે વિભાજન કરે છે, વિચ્છિન્ન કરે છે, વિભક્ત કરે છે જ્યારે વાવાઝોડા જેવી કૅલેમિટી પથ્થરોને પણ ખભેખભા મિલાવી પ્રાર્થના-અભિમુખ કરે છે ! જેમનામાં હિંસાભર્યું નરાતાર ઝનૂન હતું તે બધી કોમો પથરા જેવી જડ થઈ ગઈ હતી એટલે એમના બદલે આ પથ્થરોએ દળઈને રાખ થઈ જવાનું પસંદ કર્યું પણ કોમોનાં ઝનૂની ટોળાંઓને હાથે ચઢી તોડફોડ માટે ફેંકાવાનું તદ્દન ના-પસંદ કર્યું.

અત્યાધુનિક કવિ, સમકાલીન બળબળતી સમસ્યાઓ તરફ ઉપેક્ષા કરે છે કે ઉદાસીન રહે છે એનો તાજો સબળ સૂચક ઉત્તર ચન્દ્રકાન્તની આ 'પ્રાર્થના' કૃતિ પણ ધ્યાનાર્હ છે. કવિએ અહીં શલ્યા-પથ્થરોને અહલ્યાની જીવંતતા બક્ષી છે !

'પથ્થર થરથર ધ્રૂજે' કવિશ્રી નિરંજન ભગતની પ્રખ્યાત કૃતિ યાદ આવે છે જે બાઇબલ કથાને અનુસરી એક પ્રકારનું દ્રવ્યપરિવર્તન (transubstantiation) હતું, જ્યારે ચન્દ્રકાન્તની રચનાના પથ્થર 'છિન્નભિન્ન છું'ની રાડ પાડી અન્તે 'પ્રાર્થના'માં ભાવૈક્ય સાધી શક્યા છે. મૂળ બાઇબલકથામાં જેમ બધા જ પાપી હતા, તેમ અહીં સઘળી કોમો ઝનૂન-ઝેરના પાપથી વ્યાવૃત્ત છે. ત્યાં પથ્થર થરથર ધ્રૂજતા હતા, જ્યારે અહીંયે પથ્થર થરથર ધ્રૂજી તો ઊઠ્યા પણ છેવટે આર્તનાદમાં પસંદીદા વિકલ્પ – અમને ઝનૂની ટોળાંઓને હાથ ન ચઢવા દેશો – પ્રોપોઝ કરી સૂચવી શક્યા.

મનુષ્યજાતિને સમૂહ ટોળામાં 'હર્ટ' કરવાનું, જખ્મ કરવાનું મન કેમ થાય છે ? એવી વૃત્તિનું નિદાન બ્રિટિશ વૈજ્ઞાનિક જેકબ બ્રૉનોવ્સ્કીએ વર્ણવ્યું છે :

"The wish to hurt; the momentary intoxication with pain, is the loophole through which the pervert climbs into the minds of ordinary men." ('The Face of Violence', ૧૯૫૪)

– દુઃખ, વેદનાની ક્ષણોનો પણ એક ક્ષણિક નશો હોય છે અને એના કેફમાં ઈજાજખ્મ પહોંચાડવાની છટકબારી મારફત હિંસાની વિકૃતિ સામાન્ય લોકના મગજ પર સ્વાર થઈ જાય છે.



પરબ ❖ ૨૦૦૭ • ૭

Parab Online
July 2007
Page: 10

આવું સામાન્ય લોક સમ્-કૃતિ રચી જ શકે અને નશામાં ટોળા રૂપે વિ-કૃતિનો શિકાર પણ થઈ શકે. ચન્દ્રકાન્ત ટોપીવાળાના ચતુર્ભુજ પથ્થરની 'પ્રાર્થના' ચતુર્વર્ણો, ચાર કોમો સુધી પહોંચશે ? ભલે 'વિશફુલ થિન્કિંગ' વસ્તુકૃતિ લાગે પણ એક કવિનું પૉઝિટિવ થિન્કિંગ કાવ્યરૂપમાં ઢળી વહ્યું એ સંસ્કૃત જગતની જાગૃતિ ચીંધે છે.

❒

## અહેવાલ

## રણજિતરામ સુવર્ણચંદ્રક સમારોહ

**ડૉ. નલિની દેસાઈ**

તા. ૨-૬-૨૦૦૭ના રોજ ગુજરાત સાહિત્ય સભા તરફથી અપાતો રણજિતરામ સુવર્ણચંદ્રકનો સમારોહ યોજાઈ ગયો. ૨૦૦૬ના વર્ષ માટેનો આ ચંદ્રક જાણીતા ગઝલકાર શ્રી રાજેન્દ્ર શુક્લને એનાયત થયો. તેમના ચાહકોથી હૉલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. કાર્યક્રમના પ્રારંભમાં અલ્પાબહેન શાહે 'જય જય ગરવી ગુજરાત'નું ગાન કર્યું. ધૈવત અને જાજ્વલ્ય શુક્લે તબલા અને સિતારની સંગત રજૂ કરી પ્રેક્ષકોને ડોલાવી દીધા.

રાજેન્દ્ર શુક્લને એવૉર્ડ-અર્પણના કાર્યક્રમ પ્રસંગે શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન' 'રાજેન્દ્ર શુક્લનું ગઝલમાં ખેડાણ' એ વિષય પર વક્તવ્ય આપ્યું. તેમણે કહ્યું કલાની એ વિશેષતા છે કે તેમાં આપોઆપ જ સૌન્દર્ય, વિસ્મય, સત્ય, પ્રેમ અને ધર્મ આવી જાય છે. કલામાં આ તત્ત્વો દર્શનનું કે પ્રતીકનું રૂપ લઈને આવે છે. ગઝલનો નાતો તત્ત્વજ્ઞાન અને ફિલસૂફી સાથે સતત રહ્યો છે. રાજેન્દ્ર શુક્લની ગઝલમાં ભાષાનું વૈવિધ્ય જોવા મળે છે. તેઓ કાફિયા તોડી શકે છે, મરોડી શકે છે અને નવા પ્રયોજી પણ શકે છે. ડૉ. કુમારપાળ દેસાઈએ કવિશ્રી રાજેન્દ્ર શુક્લની સ્વાધ્યાયની વાત વિસ્તૃત રીતે કરી આપી. તેમનાં સર્જનમાં પ્રાચીન, પ્રાગ્ ઐતિહાસિક અને મધ્યકાલીન સમયના સંદર્ભો એકસાથે જોવા મળે છે. એમની ભાષામાં વૈદિક સંસ્કૃત, પ્રશિષ્ટ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને જૂની ગુજરાતીની સાથોસાથ પંજાબી હિન્દી ભાષાની છાંટ પણ જોવા મળે છે. સંસ્કૃત કાવ્યશાસ્ત્રથી માંડીને ભજનવાણી સુધીના સંસ્કારો એમની કાવ્યવાણીમાં ઝિલાયા છે. કવિનો મૌન સાથે અનોખો નાતો રહ્યો છે. એમને માટે મૌન એ શબ્દનું તપ છે. મૌનમાં વિધેયાત્મકતા અનુભવાય છે. શ્રી રાજેન્દ્ર પટેલે તેમનાં અછાંદસ, લઘુકાવ્યો, વૃત્તકાવ્યોની વાત કરી. શબ્દ વચ્ચેનો અદીઠ અક્ષર કવિનું કેન્દ્ર બને, શબ્દની પાછળ કવિનો વિશિષ્ટ અવાજ, શબ્દને અતિક્રમી જઈને સંવેદન અવગત કરાવે છે. તેનાથી અલૌકિક આનંદ થાય છે. કવિ રાજેન્દ્ર શુક્લ પરંપરાને આત્મસાત્ કરે છે.

પ્રાસંગિક વક્તવ્ય આપતાં ડૉ. મધુસૂદન પારેખે કહ્યું કે રાજેન્દ્ર શુક્લનો આખો પરિવાર સાહિત્ય, સંગીતકલાથી વિભૂષિત છે. કલાનો ઝીણો ઝીણો ઝરમર મેહ એમના પર વરસ્યા કરે છે. રાજેન્દ્ર શુક્લ જાણે કે પૂર્વજન્મનું સંચિત લઈને આવ્યા હોય એવું લાગે છે. શ્રી રાજેન્દ્ર શુક્લે એવૉર્ડના પ્રતિભાવમાં તેમણે લખેલી ગઝલોનું પઠન કર્યું હતું અને પ્રેક્ષકોને રસતરબોળ કરી દીધા હતા. શ્રી પ્રફુલ્લ રાવલે સ્વાગત કર્યું હતું. શ્રી યોગેશ જોષીએ આભારવિધિ કરી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રિયકાન્ત પરીખે કર્યું હતું.

❒




## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો

'પરબ' સૂચિ

['પરબ' સૂચિ : સં. ઇતુભાઈ કુરકુટિયા, પારુલ કં. દેસાઈ, રમેશ ર. દવે, પ્ર.આ. ૨૦૦૭, પૃ. ૧૪+૪૫૦, કિં. રૂ. ૨૬૦/- ડિમાઈ, પાકું પૂંઠું]

ચાર દાયકાથીય વધારે સમયથી પ્રકાશિત થતું ગુજરાતી સાહિત્ય પરિષદનું મુખપત્ર 'પરબ' ગુજરાતીનાં ઉત્તમ સાહિત્યિક સામયિકોમાં અગ્રસ્થાને રહ્યું છે. કવિતા, વાર્તા, નિબંધ આદિ સર્જનાત્મક કૃતિઓ ઉપરાંત વિશેષે તેમાં વિવેચનસાહિત્યના અભ્યાસલેખો અને ગ્રંથાવલોકનો આદિ સામગ્રીથી સાંપ્રતિક ગુજરાતી સાહિત્યની ગતિવિધિનો જીવંત આલેખ મળે છે. આમ હોઈને 'પરબ'ની વીતેલાં વર્ષોની ફાઈલો સાહિત્યના વર્તમાન તેમજ ભાવિ જિજ્ઞાસુઓ માટે મહત્ત્વના સ્રોત સમાન છે.

'પરબ'માં પ્રકાશિત સામગ્રીને આ સૂચિમાં અંકદીઠ, સાહિત્ય-સ્વરૂપ અનુસાર તેમજ કર્તાદીઠ – એમ ત્રિવિધ રીતે વિભાજિત કરીને ઉપયોગ કરનાર જિજ્ઞાસુ અભ્યાસીને સહુલિયત કરી આપી છે.

[ (૧) **'ઇન્દ્રધનુ'** : યશવંત કડીકર, પ્ર.આ. ૨૦૦૭, પૃ. ૮+૧૨૮, કિં. રૂ. ૫૫/-, ક્રાઉન, કાચું પૂંઠું (ચતુરંગી)

(૨) **'નાનાંની દુનિયા'** : યશવંત કડીકર, પ્ર.આ. ૨૦૦૭, પૃ. ૮+૬૦, કિં. રૂ. ૨૪/- ક્રાઉન, કાચું પૂંઠું (ચતુરંગી)]

ઇન્દ્રધનુ

હરિ ૐ આશ્રમ-પ્રેરિત શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળાના પુસ્તક ૫૭-૫૮માં બાળકિશોર વાર્તાઓના બે સંગ્રહો યશવંત કડીકરે આપ્યા છે. તેઓ બાળસાહિત્યનું સર્જન કરે છે. વાર્તાઓ પ્રેરક, બોધક અને આનંદપ્રદ છે.

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

નદીકિનારે, 'ટાઇમ્સ' પાછળ, આશ્રમમાર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭
E-mail : gspamd@vsnl.net
Web-site : www.gujaratisahityaparishad.org

# જયંત ખત્રીની વાર્તાની ભાષા અને શૈલી | હરિકૃષ્ણ પાઠક

ગુજરાત સાહિત્ય અકાદમીની સ્થાપના બાદ ૧૯૮૨-૮૩ના અરસામાં માંડવીમાં 'બકુલેશનગર'માં એક સાહિત્ય-મેળાવડો થયેલો. ત્યારે 'સંસ્મૃતિ' નામનો ડૉ. જયંત ખત્રી સ્મૃતિ સંચય મળેલ. આ સ્મૃતિગ્રંથમાં વાર્તાકાર જયંત ખત્રી વિશે ઘણી રસપ્રદ અને તેમની ઓળખ પામવામાં ઉપયોગી નીવડે તેવી માહિતી ઉપલબ્ધ છે, પરંતુ આપણે ત્યાં સાધારણ રીતે બને છે તેમ – આ સર્જકને ઉચિત સ્થાન-માન મળ્યાં નથી તેવી ફરિયાદનો સૂર અને કંઈક ભાવુકતાથી થયેલાં લખાણો પણ છે. અને મૂલ્યાંકન થવું થોડું બાકી હોવાનું લાગેલું. વર્ષો પછી, ઉક્ત સ્મૃતિગ્રંથમાં એકાધિક લેખના લેખક શ્રી સુરેશ દલાલ આ વાર્તાકારના ત્રણે સંગ્રહો એક જ ગ્રંથમાં ઉપલબ્ધ કરી આપે છે અને સાથે વિસ્તૃત પ્રસ્તાવનાયે આપે છે.

અગાઉના લેખમાં શ્રી સુરેશ દલાલે નોંધેલું કે 'ગુજરાતી વાર્તા અને જયંત ખત્રીની ભાષા' વિશે અલગ વિવેચનલેખ કરવો પડે એવું કામ એમણે કર્યું છે. અને ઉક્ત પ્રસ્તાવનામાં આ ભાષાસમૃદ્ધિનો અછડતો ખ્યાલ આપે એવો એક ફકરો તેમણે તારવીને મૂક્યો છે. (પ્રસ્તાવના. પૃ. ૨૨)

'ફોરાં' (૧૯૪૪)ની ૧૪ વાર્તાઓ, 'વહેતાં ઝરણાં' (૧૯૫૨)ની ૧૬ વાર્તાઓ અને 'ખરા બપોર' (૧૯૬૮)ની ૧૧ વાર્તાઓ મળી કુલ ૪૧ વાર્તાઓમાંથી પસાર થતાં આ વાર્તાકારની ભાષા એક જુદી મુદ્રા ધરાવે છે એવું લાગવા ઉપરાંત લેખક કંઈક નિરાંતે વાર્તાલેખન કરે છે તેવી યે છાપ પડે છે.

લેખકની ખૂબ જાણીતી વાર્તા 'તેજ, ગતિ અને ધ્વનિ'ના સંદર્ભમાં લેખકે શ્રી ચંદ્રકાન્ત બક્ષીને લખેલા તા. ૧૩-૩-૬૧ના પત્રમાં જણાવે છે કે — I agree with you at a point that the story is lengthy without advantage... આ નિખાલસતા ગમી જાય એવી છે. પોતાની વાર્તાઓ વિશે અને વાર્તાનાં પાત્રો વિશે આ જ પત્રમાં વધુમાં જણાવે છે કે — I am terribly attached to my place and my people... (પ્રસ્તાવના પૃ. ૧૬) I know them through and through. I know all 'whys' and 'hows' about them... અહીં ક્યાં યે લેખકના શબ્દમાં સંશય થતો નથી. તેમની સચ્ચાઈ સ્પર્શે છે. લેખક વાર્તાકારના અનુભવનું મૂલ્ય ઘણું ઊંચું આંકે છે અને સુરેશ જોષીના સંદર્ભમાં તો એવું વિધાન પણ કરે છે કે તેમને જીવનનો સીધો સ્પર્શ નથી. તેમની પાસે જે કંઈ સંપર્ક છે તે વાચન અને સાહિત્ય દ્વારા મળેલો છે. Second hand experience છે.

— આમ પોતાના વિશે અને પોતાની વાર્તાઓ વિશે — સર્જન વિશે એક ચોક્કસ ધારણા લઈને ચાલતા આ લેખક આ અર્થમાં યે થોડા જુદા છે. આમેય જેઓ સાહિત્યસર્જન (કે વિવેચન પણ) તેમની ફરજ કે વ્યવસાયના ભાગ રૂપે ન કરતા હોય પણ કાર્યક્ષેત્ર અલગ હોવા છતાં કોઈ આંતરિક જરૂરથી – inner urgeથી કરતા હોય તેમના સર્જનમાં કશોક વિશેષ જોવા મળે છે. ડૉ. ખત્રીની વાર્તાઓનો પરિવેશ (locale) મુંબઈનગર અને કચ્છની ધરતીનો રહ્યો છે અને વાર્તાઓ આ બે વિશ્વની મળે છે. પણ વધુમાં વધુ આશ્ચર્ય એ થાય છે કે કચ્છની ધરતી અને ત્યાંના – મુખ્યત્વે નિમ્ન સ્તરના લોકોની વાર્તાઓમાં ક્યાંયે કચ્છની ભાષા – એક ઉદ્ગાર પૂરતી યે ખપમાં લેવાઈ નથી. જ્યારે મુંબઈના પરિવેશની વાર્તાઓમાં પાત્રોચિત ભાષા – મરાઠી સુધ્ધાં – ખપમાં લેવાઈ છે. આમ કેમ કર્યું હશે તેનો કોઈ ઉત્તર જડતો નથી.

બને કે લેખકે કલમ ગ્રહણ કરી ત્યાં સુધીમાં આપણે ત્યાં 'વાર્તા' અને તેને માટે ઉચિત એવું ગદ્ય ધૂમકેતુ-મેઘાણીમાં સિદ્ધ થઈ ગયેલાં અને 'દ્વિરેફની વાતો'માં ઠીક ઠીક પ્રયોગો પણ થઈ ચૂક્યા હતા. અને છતાં આ લેખકને તેમના કિસમ કિસમનાં અનુભવો અને વિલક્ષણ ચરિત્રોની જે કથાઓ આલેખવી હતી તે સામગ્રી અને તેનાથી લેખકના ચિત્તમાં જાગેલું સંવેદન એવાં પ્રબળ હતાં કે જેને આપણે માન્ય ભાષા કે પ્રમાણભાષા કે પછી નાગરભાષા કહીએ તેને ખપમાં લઈને પણ આ લેખકે ચુનંદી વાર્તાઓ આપી અને પોતાની એક મુદ્રા સ્થાપી. આમ થઈ શક્યું એનું કારણ એ કે અહીં ઘણું બધું એવું છે જે પ્રથમ વાર મળે છે. લેખક પાસે પાત્રોચિત ભાષા વાપરવાનું સામર્થ્ય છે, પણ તે માટે આગ્રહ જણાતો નથી. આથી 'ધાડ'નો ઘેલો જે કંઈ બોલે છે તેના કરતાં તેના વર્તનમાંથી તે વધુ પ્રગટ થતો લાગે છે. 'કાળો માણસ' જેવી વાર્તામાં આખો પરિવેશ અને પાત્રો દરિયો અને વહાણવટું ને દરિયાખેડુ લોકોનો હોવાથી જે સામગ્રી વર્ણવાઈ છે તેમાં અનિવાર્ય રૂપે એ સૃષ્ટિનું વર્ણન મળે છે – પણ ભાષા તો ઉપર કહ્યું તેમ માન્ય ભાષા જ રહે છે.

અલબત્ત, પ્રાંતભેદે આ વ્યવહારભાષામાં યે થોડું થોડું અંતર હોય છે અને કદાચ એ જ કારણે હશે કે અહીં કેટલાક ભાષા-પ્રયોગો, જુદા પડતા હોય તેવા વારંવાર મળે છે. આવો એક પ્રયોગ છે 'મરી ગઈ.' કેટલાંક ઉદાહરણો —

'એ ટીખળમાં જોરથી ખરબચડું હસી પડી પણ બીજી પળે એના સ્વભાવની મશ્કરી મરી ગઈ.' (લોહીનું ટીપું, પૃ. ૩૧)

'એ સાંજ મરી ગયા પછી અમારી મિજલસ'ની રાત કોઈ દહાડો પડી નહીં.' (યાદ અને હું, પૃ. ૪૬)

'એની માની ઉધરસ પણ મરી ગઈ.' (ખીચડી, પૃ. ૧૬૭)

'સંધ્યા મરી ગઈ. રાત જામી પડી. (ખીચડી, પૃ. ૧૬૪)

'અને સાંજ મરી જતી ત્યારે છબીઘરમાંથી ઇશ્ક, મસ્તી, ભજન, શરાબ, સંત, વેશ્યા, સતી, સજ્જન અને દુર્જન્યનું અવનવું સંગીત લાઉડસ્પીકરને ખોખરું બનાવતું' (ખીચડી, પૃ. ૧૬૪)

'એના નિશ્વાસની ઉષ્મા હોઠો પર મરી ગઈ.' (માટીનો ઘડો, પૃ. ૩૬૭)

'હૃદયનો એક થડકો બીજામાં અટવાઈ ગયો હતો.. અને એક આરજૂ હોઠ પર મરી ગઈ હતી.' (માટીનો ઘડો, પૃ. ૩૭૪)

વાર્તાઓનો કથા-પ્રવાહ એવો ચાલે છે કે ધ્યાનથી ન જોઈએ તો આ એકનું એક ક્રિયાપદ લેખક કેમ ઉપયોગમાં લેતા હશે એવો પ્રશ્ન પણ ન થાય.

આવું જ એક બીજું ક્રિયાપદ વારે વારે યોજાતું રહે છે : 'ગુમાઈ જવું.'

‘એની આંખો બેબાકળી, પેલા ઓરડાના અંધારામાં દોડતી ગુમાઈ ગઈ.’ (નથુની અસ્વસ્થતા, પૃ. ૨૬૩)

‘રોષમાં વિંઝાતા પવનના બેકાબૂ મિજાજના મિશ્રણમાં મંગળગિરિના નિઃશ્વાસ ગુમાઈ ગયા.’ (નથુની અસ્વસ્થતા, પૃ. ૨૬૩)

‘બગાસું ખાતાં ખાતાં જ્યાં લખડીની આંખ ગુમાઈ જતી એવું રંગ અને મિજાજ બદલ્યે જતું આકાશ.’ (ખીચડી, પૃ. ૧૫૭)

અને આવું જ એક ત્રીજું ક્રિયાપદ છે : ‘ભાસ્યું’ (હવે તો કવિઓ પણ નથી યોજતા.)

‘આ ઘડીએ મને ક્યાંય અજવાળાનું ટપકું દેખાયું નહીં અને મને એ અંધારું ઉષ્માભર્યું અને સુંવાળું ભાસ્યું—’ (હીરો ખૂંટ, પૃ. ૮૬)

‘જરા વાર એ શયનખંડમાં અંધારું ગૂંગળાતું ભાસ્યું.’ (દરવાજા બહારની દુનિયા, પૃ. ૩૩૨)

‘પેલું આકાશ જેટલું દેખાય છે તેટલું મુક્ત ન ભાસ્યું.’ (કાળજૂના ડુંગરા, પૃ. ૩૩૫)

‘મારી મરજી વિરુદ્ધ મને ભાસ્યા કર્યું કે એ સાચો હતો ને હું ખોટો હતો.’ (સત્ય અસત્ય, પૃ. ૨૫૮)

‘સૃષ્ટિનું બધું લાલિત્ય, બધું સૌંદર્ય અને બધી સૌમ્યતા મને ઓસરી જતાં ભાસ્યાં. (એજન, પૃ. ૨૫૯)

‘મારા નિશ્વાસની ઉષ્ણતા મને અમાનુષી ભાસી.’ (પતંગનું મોત, ૨૭૮)

‘ભીંસેલા દાંતવાળું પુરુષનું મોઢું ભયજનક ભાસ્યું.’ (ખરાં બપોર, પૃ. ૪૦૨)

ક્યાંક નવાં ક્રિયારૂપો સર્જવાનો પ્રયત્ન પણ દેખાય છે :

‘પંખો અવાજ કરે છે, ઘડિયાળ કટકટે છે.’ (જળ, પૃ. ૪૬૮)

‘એ ટેકાઈને ચાલ્યો.’ (જોસેફ મૅકવાન : આદેશ્યો, ઉદ્દેશ્યો, ઉત્સાહ્યો, મર્મ્યો, બથવાટ્યો)

કંઈક અનવધાનથી કે પછી પ્રમાદથી (કે પછી એક વાર લખાઈ ગયેલું ફરી વખત ન જોવાની ટેવથી) પણ કેટલાંક શિથિલ વાક્યો અને પ્રયોગો મળે છે.

‘ઓગણીસસો બત્રીસનો પ્રતાપ આજે આમ બેસી ન રહેત; પણ આજે એના પિતાએ એને ધંધામાં નાખ્યો હતો. એના પિતાએ એને સમૃદ્ધિની સહજતા, બિનમહેનત અને એશઆરામનો પરિચય કરાવ્યો હતો.’ (પ્રતાપ, ઓ પ્રતાપ, પૃ. ૨૦૮)

‘એણે ગિરગામમાંથી એક બંગાળી છોકરીને ઉપાડી... જરા ભરાવદાર, સ્વચ્છ, કળાભરી, દુખદ અને કોમળ આંખોવાળી.’ (એજન, પૃ. ૨૦૯)

‘એણે બંને હાથથી મોઢું ઢાંકી રડી દીધું. એની આખી સુરીલી કાયા થથરી ઊઠી.’ (એક મહાન મૈત્રી, પૃ. ૧૩૨)

‘મારી વધેલી દાઢી, ફાટેલાં કપડાં મારું ગૌરવ બની ગયાં હતાં અને મારો ઝીણો પાતળો દેહ જેમ વધારે ઝીણો તેમ સુલભ્ય બનતો જતો હતો.’ (પતંગનું મોત, પૃ. ૨૭૩)

‘બંદૂકનો એક ધડાકો અને એની પાછળ વિસ્તાર પામતું નિઃશબ્દ, નિરાકાર અવકાશ !’ (માટીનો ઘડો, પૃ. ૩૬૮)

‘સમજાવટ, સમતોલપણું અને સુગોળતાનો સુમેળ જે સૌંદર્ય જન્માવે છે તે સૃષ્ટિમાં



ક્યાંક અને કોઈ વાર જ જોવા મળે છે એવી એ યુવતી સ્વયં મૂર્તિમંત સૌંદર્ય હતી.’ (ભુક્તિ, પૃ. ૪૭૩)

હાસ્ય કે સ્મિતના પર્યાય રૂપે ‘મુસ્કુરાહટ’ કે ‘મુસ્કાન’ યોજી શકાય, પણ અહીં ‘મુશ્કેરાટ’ મળે છે. એ જ રીતે ફૂલો માટે ‘પાકાં’ વિશેષણ પણ જચતું નથી. અન્યત્ર ‘પંચાત કરવી’ એ અર્થમાં – હું ઓછી જ બધાંની પંચાત સેવું છું ? – એવો પ્રયોગ મળે છે. તો ‘કુતૂહલ’ને બદલે ‘કુતૂહલતા’ પણ વાંચવામાં આવે છે. (પૃ. ૪૭૪, ૪૭૮, ૪૮૦)

આ વાર્તાકાર એવા મોટા ગજાના સર્જક છે કે તેમની પાસેથી ઊંચી અપેક્ષા રહે તે કારણે ઉપર જોયું તેમ થોડું ઝીણું કાંત્યું છે. પણ આ વાર્તાઓમાં સમગ્રપણે જે ઉપલબ્ધિ છે તેની નોંધ લીધા વિના ન ચાલે.

ડૉ. ખત્રી જેમ કરુણને ઘૂંટીને ઘેરો બનાવતા નથી, કે રુગ્ણદિષા તો સ્ત્રી-પાત્રોમાંયે આરોપિત કરતા નથી અને એકંદરે તટસ્થ કલાકારનો સંયમ જાળવીને ચાલે છે તેમ, અપવાદો બાદ કરતાં હળવું નિરૂપણ કરવાનું વલણ પણ તેમનામાં નથી. આવાં જે અપવાદનાં સ્થાનો છે તેમાં ‘અમે બુદ્ધિમાનો’ અને ‘એક મહાન મૈત્રી’માં જોવા મળે છે. ‘અમે બુદ્ધિમાનો’માં તો ધરાતલના વાસ્તવને પૂરેપૂરું પામ્યા-સમજ્યા વિના જગતનું પરિવર્તન કરી નાખવા માગતાં યુવક-યુવતીઓની કંઈક સમભાવ યુક્ત વિડંબના છે, તો ‘એક મહાન મૈત્રી’માં ગામડિયણ પત્ની મણિનો પતિ ગૌરીશંકર પોતાને એક નર્સ – રમા સાથે મૈત્રી છે તેનું જે મિથ્યા ગૌરવ લીધા કરે છે’; ને વળી એ મૈત્રી શુદ્ધ મૈત્રી જ છે તેવું જાતને મનાવવા જે મનોવ્યાયામ કરે છે તેનું હળવું નિરૂપણ થયું છે. પત્ની અકળાઈને કહી નાખે છે : ‘તમે પેલી રાંડ નરસ જોડે કેમ ફર્યા કરો છો ?’ ત્યારે થાય છે એવું કે ‘ગૌરીશંકરને મોઢે કોઈએ હજી સુધી આવું કહ્યું નહોતું. જોકે પીઠ પાછળ એવી ઘણી વાતો થાય છે એવી કલ્પનામાં એમણે આનંદ ભોગવ્યો હતો.’ (પૃ. ૧૩૧) – એવો ઇશારો થયો છે.

‘હું, ગંગી અને અમે બધાં’માં આવું એક હાસ્યનું સ્થાન સહજ આવી ગયું છે. તેર તેર મહિનાથી માલમો, ખલાસીઓ અને ખારવાઓનાં કુટુંબીજનો, સ્વજનો દરિયો ખેડવા ગયેલાઓની રાહ જુએ છે. લડાઈ ચાલી રહી છે અને જાપાને વહાણો પકડ્યાં છે એવી અફવા આવી ચૂકી છે ત્યારે ભણેલો-ગણેલો ગણાતો છગુ તેલી ચિંતાતુર લોકો વચ્ચે આવે છે ને પ્રેમજી મહારાજ તેને પૂછે છે : ‘હેં છગુ, આ મહિનાની ખાંડ ક્યારે મળશે ?’ (પૃ. ૨૩૨)

જેમ વાચકને, તેમ ખુદ લેખકને ય મનમાં વસી ગયાં હોય તેમ કેટલીક ઉપમાઓ – વર્ણનોની પુનરુક્તિ થતી જોવા મળે છે.

‘દૂર – પાછળ ફરીને જોયું તો કોઈ દેખાતું નહોતું. બસ ગઈ એ દિશામાં એક ગામડું, કૂતરું ટૂંટિયું વાળીને પડ્યું હોય એમ નિરાધાર પડ્યું દેખાતું હતું.’ (સત્ય અસત્ય, પૃ. ૨૫૭)

‘અને એમ જ વિચારોમાં ને વિચારોમાં એણે ડુંગરની ધાર ઓળંગી, ત્યાં કૂતરા જેમ ટૂંટિયું વળીને પડેલું એનું ગામ દેખાયું.’ (કાળજૂના ડુંગરા, પૃ. ૩૩૯)

‘બારણાના ઉંબરા આગળ, અજવાળાં અને અંધારાં જ્યાં ભેગાં થયાં હતાં ત્યાં ઊભી ઊભી મણિ એને જોઈ રહી.’ (નથુની અસ્વસ્થતા, પૃ. ૨૬૫)

‘મણિ ઓસરી અને ઓરડાના ઉંબરા પાસે જ્યાં અંધારાં અને અજવાળાં ભેગાં થતાં

હતાં ત્યાં સ્વસ્થ અને શાંત બેસી રહી.' (નથુની અસ્વસ્થતા, પૃ. ૨૬૬)

આ જ પ્રકારે રૂક્ષ, જાકારો દેતી ધરતી, ધૂળની આંધી, પવનનાં તોફાન, જાર, બાવળ ને લીંબડાનાં ઝાડ, કિકિયારી પાડી ઊડી જતાં કાગડા, કાબર ને હોલા, માટીના ટીંબા ને થોરનાં ધુંગા, તપતી રેતી ને અફાટ રણપ્રદેશનાં જે વર્ણનો આવે છે તે જે તે સ્થળે ઉચિત રીતે આવે છે. આથી આ પુનરાવર્તનો કઠતાં નથી.

માણસના વર્તનને વર્ણવીને તેના મનોગતને અને વ્યક્તિત્વને પ્રગટ કરતાં આલેખનો મનમાં વસી જાય છે.

'ધીમેથી સંભાળીને અને ચોકસાઈથી એ જમીન પર બેઠી અને નીચું માથું કરી એ ધૂળમાં આંગળીએથી લિસોટા કરવા લાગી.' (હું, ગંગી અને અમે બધાં, પૃ. ૨૩૩)

'સંતોષે બૂટની એડી પર પાઇપ ઠોકીને ખાલી કરી. પછી પાઇપના મોઢામાં એ કશુંક શોધતો હોય અને શું શોધી રહ્યો છે એની ગતાગમ ન હોય એમ મૂઢની જેમ મોઢું વિકાસીને જોઈ રહ્યો.' (સિબિલ, પૃ. ૩૮૬)

પરિસ્થિતિની કરુણતા વધતી વધતી કેવી થઈ છે તેનું વર્ણન એક તેલી કેવું કરે છે એ જોઈએ –

'દુઃખની અતિશયતાથી જેમ રુદન રફ્તે રફ્તે લાગણીહીન ક્રિયા થઈ પડે છે, તેમ હસવાના કારણ સિવાયનું હાસ્ય પણ એવી જ લાગણીવિહીન ક્રિયા બની શકે છે. અમારાં રુદન અને હાસ્ય એવાં કંગાળ બની ગયાં હતાં ! લાલજી એના છોકરાને લાકડીએ મારતો પણ એના ક્રોધમાંથી ડંખ ઊડી ગયો હતો.' (હું, ગંગી અને અમે બધાં, પૃ. ૨૩૩)

કશા આયાસ વિના પ્રતીક યોજાઈ જતું જોવા મળે છે.

વખાની મારી નૂરી સ્ત્રીને માટે તરણોપાય એવો ધંધો લઈ બેઠી છે. તેના ઘરમાં પ્રેમજી મહારાજની યુવાન પુત્રી સાકરને જોઈને છગુ તેલી (કથક) કહે છે : 'ભગવાનની ખાતર તું સાકરને ન બોલાવ. અને ત્યારે એક ઘટના ઘટે છે : સામેથી અગાશીની પાળ પર કૂદકો મારી કોઈ બિલાડીએ તુલસીની કુંડીને રસ્તા પર પાડી દીધી.' (હું, ગંગી અને અમે બધાં, પૃ. ૨૩૮)

'એ બંને ગયાં એટલે પ્રતાપના ઓરડામાં મીંદડી દૂધ પીવા આવે એમ નીરવ ચૂપકી આવી બેઠી.' (પ્રતાપ, ઓ પ્રતાપ, પૃ. ૨૦૩)

'હળવેકથી બિલાડી બારણાં બહાર નીકળે એમ રોકેલો શ્વાસ ધુમાડો બની હોઠ વચ્ચેથી સરવા લાગ્યો.' (માટીનો ઘડો, પૃ. ૩૬૬)

અમુક પરિસ્થિતિ જ એવી હોવાની જ્યાં સંવાદ લાંબો ન હોઈ શકે. સંવાદો યોજવામાં પણ લેખકે એક ઝીણો વિવેક કરવાનો હોય છે. આવા વિવેકનાં બે સ્થાનો ચીંધી બતાવવા જેવાં છે.

'ખીચડી'ની નાયિકા લખડીને લંગડો બાપ, માંદી મા અને રખડેલ ભાઈને પોષવાનાં છે. આ બધાંને ખીચડી પૂરી પાડવી એ એની ફરજ બની ગઈ છે. નરી મજૂરી કૂટતી લખડીના વ્યક્તિત્વમાં એક હળવાપણું આબાદ આલેખાયું છે, પણ છેવટના ઉપાય તરીકે એને શંકર શેઠને ત્યાંયે જવું પડવાનું છે એવું સૂચન સગો બાપ કરે છે ત્યાં ટૂંકો સંવાદ યોજાયો છે. તે કસ્તુરનો બાપ વજેસંગ કસ્તુરને નિર્વસ્ત્ર નહાતી પ્રસાદજી જોઈ ગયેલા અને જોઈ રહેલા



એ દશ્યનો સાક્ષી છે. આ પ્રસંગ નિમિત્તે કસ્તુર અને વજેસંગ વચ્ચેનો સંવાદ પણ સાવ ટૂંકો છે.

લેખકનાં નારીપાત્રોની માટી જુદી છે એ વાતની નોંધ લેવાઈ ચૂકી છે. આ પાત્રોનાં વર્ણન પણ નોંધપાત્ર છે. 'યાદ અને હું'ની ગુલાબ એક આવું પાત્ર છે.

'ગુલાબે પાણીની ટબૂડી ઊંધી વાળતાં અવાજ કરે એવું હસતાં કહ્યું...' (પૃ. ૩૮)

'કોઈ દહાડો દિલરૂબા લઈને મારે ઘેર આવજે !' અને એ ઝડપમાં એણે શરીરની અદા અને મોઢાના ભાવ ફેરવી લીધા. 'આવશે ને ?' કહેતાં ગાડીમાં ચડતાં એણે એના ઘાઘરાને ઘૂમરીએ ફેરવ્યો અને જતી રહી !

આપણને લાગે કે ગુલાબ ગયા પછીયે જતી નથી.' (યાદ અને હું, પૃ. ૩૯)

હવે ગંગીને જોઈએ –

'ગંગી ખરે જ સુંદર હતી ! આષાઢના પહેલા વરસાદના ડહોળા માટીવાળા પાણી જેવો, ફિક્કો પણ તાજગીભર્યો એની ચામડીનો રંગ હતો. એની ભૂરી આંખોમાં, એના બાપ અને એના સસરાની પેઢીઓએ ખેડેલા અને લડાવેલા દરિયાની લીલી છાંય અને ભવ્ય ઊંડાણ હતાં ! એની કીકીઓની ભરતી-ઓટની અતિશયતા નીચે એના ચહેરાના બીજા બધા ભાવ બેમૂલ બનીને શરમાઈ જતા ! એ જરા ઊંચી હતી – એટલી જ સુડોળ હતી ! એની ગતિમાં સ્થિર, આળસભરી પણ સહેતુ(ક) નજાકત હતી...

એના વરસાદના ડહોળા પાણી જેવા ચામડીના રંગ પર ચાંદનીનું દૂધ ઢોળાયું હતું. એના નાક પરનો હીરો આભમાંથી ખરી પડેલા તારલા જેવો ચમક્યા કરતો હતો. એના તાજા ધોયેલા તેલ નાખ્યા વગરના માથાના વાળ શ્રાવણના મેઘ જેવા એના ખભે ઝૂકી પડ્યા હતા... ગંગીને કમરમાંથી બાજુમાં વળેલી સૌંદર્યના આદર્શ જેવી મેં જોઈ.'

'હીરો ખૂંટ'માં પ્રાણીઓનાં દેખાવ અને ચેષ્ટાઓનું – ભાગ્યે જ મળે એવું – અનન્ય વર્ણન છે. ડૉ. ખત્રી એક કાબેલ ચિત્રકાર હતા. તેમની આંખ દશ્યને એના રંગ અને રેખાઓમાં આબાદ પકડી પાડતી અને જેમ પીંછીથી તેમ શબ્દોમાં યે એને આકાર આપવાની તેમનામાં શક્તિ હતી.

'દામા અરજણ'નું આ ચિત્ર જુઓ –

'મેં જોયું તો એની દાઢી પર લોહી અને ચવાયેલો રોટલો ચોંટી ગયાં હતાં. એ આંખો ઠાલી ઠાલી ફરતી ન હોત તો એ મોઢું મુડદાનું હતું.' (પૃ. ૬૫)

આપણે જોયું કે ડૉ. ખત્રી નિરાંતજીવે આલેખન કરનારા વાર્તાકાર હતા. એમની વાર્તાઓ સરેરાશ, ચૌદ-પંદર પાનની આવે છે. આ રીતે થતા લેખનમાં દરેક વાક્ય વાર્તાને અનિવાર્યપણે ઉપકારક હોય તેવું ન યે બને – લેખકને અને વાચકને પણ જચી જાય એવાં, શોખથી લખાયેલાં વાક્યો પણ ક્વચિત્ મળે છે.

'મુંબઈમાં અત્યારે બધું કાંઈ હતું – ફક્ત પવન નહોતો – ફાંસીના માંચડે લટકતા પતંગને આ તરફ ઉડાડવા પૂરતો યે પવન નહોતો. આ જમાનો જ મંદીનો છે. તેજીની રમત રમનારા નાદાર બને છે' (પતંગનું મોત, પૃ. ૨૭૬)

'દિવસ માણસને જકડી રાખે અને રાત્રિને માણસ પકડી ન શકે, આથી અધિક માનવીની કઈ અવદશા હોઈ શકે ?



Parab Online
July 2007
Page: 14

કટાણે માણસને કેવા બેનમૂન ખ્યાલ આવતા હોય છે કે... કે... આ બધું થોડી ક્ષણો બાદ પ્રસાર થઈ જશે...

થોડા દિવસો બાદ હકીકતનું જૂઠાણું ઇતિહાસ કહેવાશે. સત્ય પર ડહાપણનો કાટ ચડશે. (સિબિલ, પૃ. ૩૯૧)

દરેક વાર્તા માટે શૈલીની પસંદગી વાર્તાકાર પાસેથી એક વિવેક અને સૂઝ માગી લે છે. વાર્તાનાં વસ્તુ, સામગ્રી અને સંવેદન માટે ઉચિત શૈલી યોજવામાં જ તેની સર્જકતાની કસોટી થતી હોય છે.

કથનકેન્દ્રની પસંદગી (કે વાર્તાના કથકની પસંદગી) વાર્તાકાર માટે કેટલીક મર્યાદાઓ અને સવલતો સર્જી રહે છે. આથી દરેક વાર્તા માટે લેખક કેવું કથનકેન્દ્ર અપનાવે છે તે બાબત મહત્ત્વની બની રહે છે.

બીજું, જે સૃષ્ટિની, જે પરિવેશની અને જે લોક-સમૂહની વાર્તા એને રચવી છે તેને અનુરૂપ ભાષા અને શૈલી અનિવાર્ય અને ઉપકારક પણ બને છે.

ડૉ. ખત્રીએ એક વાર્તાકાર તરીકે વિવિધ શૈલી અપનાવી છે ને તેમાં ઝીણો વિવેક પણ કર્યો છે.

'ધાડ'નો વાર્તાકથક પ્રાણજીવન બહારથી આવી ચડેલો છે, આગંતુક છે, જ્યારે 'હું, ગંગી અને અમે બધાં'નો કથક છગુ તેલી 'અમે બધાં'માંનો એક છે. આથી પ્રાણજીવનનું વસ્તુ-સ્થિતિ-પાત્ર-પરિવેશનું નિરીક્ષણ ને નિરૂપણ એક આગંતુક દ્વારા થતું હોય એવું છે, જ્યારે છગુ તેલીના કથનમાં આત્મીયતાનો રણકો સંભળાય છે.

'હીરો ખૂંટ'ની કથા એક એવા બકાલી દ્વારા કહેવાઈ છે જેને માટે ખૂંટ થયો તે પહેલાં હીરો દીકરાથી યે વિશેષ હતો. રફ્તે રફ્તે એણે હીરા માટેની લાગણી ઓછી કરી છે, છતાં લોકો દ્વારા અમાનુષી રીતે થતી હીરાની હત્યાની વાત એ તટસ્થ ભાવે કહેતો લાગે ત્યાં યે એની ઊંડી વેદનાની આછી કસક સંભળાય છે. 'એક મહાન મૈત્રી' કંઈક વ્યંગના આવરણમાં રચાઈ છે, ને ગૌરીશંકર-મણિના પાત્રાલેખનમાં ને તેમનાં વાણી-વર્તનમાં આ હળવાશ જળવાઈ રહી છે. 'મહમદ'ની કથા તેના ગોઠિયા 'હું' દ્વારા કહેવાઈ છે, અને આવી મૈત્રીમાં મિત્રને જે સહજ અધિકાર પ્રાપ્ત થતો હોય છે તેનો અહેસાસ કથામાં સતત થતો રહે છે. તો 'પતંગનું મોત' એક એવા પાત્ર દ્વારા કહેવાઈ છે જે રેલવે પ્લૅટફૉર્મ પર આવી ચડેલ ત્રાહિત વ્યક્તિ છે. એ પોતે બેકાર છે, રોગી છે, દુ:ખી છે, ગરીબ છે. આથી એક પતંગ પકડવા પાછળની મથામણને જોવાની તેની દૃષ્ટિ કંઈક આગવી નિરૂપાઈ છે.

'બંધ બારણાં પાછળ'માં તો વાર્તાકાર પોતે, પોતાને કેવાં કેવાં પાત્રો ભેટી જાય છે અને તેમને ન્યાય આપવામાં, માપી લેવામાં કે ઉઘાડાં પાડવામાં કેવી કેવી તરકીબો કરવી પડે છે એની વાત માંડીને એક પાત્રની – મંગળાની વાત તેમને સાંભળવી પડી છે તેથી, કથા કહે છે. વચ્ચે વચ્ચે ચાલતા થોડાક સંવાદો બાદ કરતાં બાકીની વાત મંગળા દ્વારા જ કહેવાઈ છે. પોતાની મૃત બહેનના પતિ – બનેવી ચંપકલાલ પોતાને અપનાવી લેશે એવું ધારી બેઠેલી મંગળાને નસીબજોગે પતન નોતરતાં છેલ્લે બજારે બેસવા વારો આવે છે; ને પોતે જેને ખૂબ ઝંખેલો એ ચંપક તેને ઘરાક રૂપે મળે છે. અહીં મંગળાની આપવીતી અને આંતરવ્યથાને પૂરું પ્રગટાવવા માટે આવો પ્રપંચ જરૂરી હતો અને લેખકે તે અજમાવ્યો છે.



'સિબિલ'માં કથાનાયક એ છે જેને ક્યારેક 'ઇવ્લિન' નામ જણાવીને સિબિલ મળેલી. અહીં પુરુષ-પાત્ર દ્વારા એક બાર-રૂમના પરિવેશમાં જ કથા કહેવાઈ છે. અહીં કથન ઓછું છે, અને એક જ સ્થળે નિયમિત રૂપે મળતા વિવિધ પાત્રોના સંવાદો અને વિશેષ તો દૃશ્યોના નિરૂપણથી કથા આકારિત કરાઈ છે. એ જ પ્રમાણે 'જળ'માં જાણે કે લેખકનો કૅમેરા રણની સરહદથી માંડી, કથકની સ્વગતોક્તિઓ સાથે, હડકાયા કૂતરાને હણી નાખવા બહાર પડેલ ટોળું, બે બાળકોની પેલા ફરતા 'ટાઇગર' માટેની લાગણી, લોકોનાં જાત-ભાતનાં વર્તન — આ બધાં પર ફરતો રહે છે. અને ખરેખર આ વાર્તા તો કોઈ બે પાત્રો વચ્ચેના તણાવપૂર્ણ, તંગ સંબંધની છે. 'મુક્તિ'માં વાર્તાને કાવ્યસદૃશ બનાવવાનો પ્રયત્ન દેખાઈ આવે છે. અહીં એક એવા સુંદર નારીપાત્રની કલ્પના કરાઈ છે જે સ્વયમ 'મુક્તિ' છે, અને તેના મુક્તપણામાં જ એનું અને સહુનું ગૌરવ રહેલું છે. એ કોઈ એકની નથી અને સર્વની છે. અહીં એક કાવ્ય 'તારક'નો જે રીતે નિર્દેશ થયો છે તે જોતાં સામ્યવાદના 'કમ્યૂન'ની તરફેણ અને ગૌરવ થતાં લાગે; પણ કથા મુખર બની જતી નથી. આમ ડૉ. ખત્રીની વાર્તાઓમાં વિવિધ શૈલીઓ અજમાવાઈ છે ખરી, પણ એકંદરે લેખક કથા માંડીને કહે છે; સર્વજ્ઞના કેન્દ્રથી કહે છે. આ વાર્તાઓમાં એકબે અપવાદો સિવાય ઘટનાઓનો આશ્રય લેવાયો છે, અને વાર્તાઓ કંઈક નિરાંતે લખાઈ પણ લાગે છે. લેખક પાસે આગવું અનુભવ-જગત, વિશિષ્ટ પરિવેશ અને વિલક્ષણ પાત્રો સાથે જોડાયેલી સંવેદના છે ને આ બધું વ્યક્ત કરી શકે તેવી કથન-વર્ણનની શક્તિ છે. 'ધાડ', 'હું, ગંગી અને અમે બધાં', 'ખરા બપોર' જેવી અનેક વાર્તાઓમાં તો પરિવેશ પોતે જ પાત્રત્વ ધારણ કરતો લાગે તેવી જીવંતતા અનુભવાય છે. પ્રયોગ ખાતર પ્રયોગનું કોઈ વલણ અહીં જોવા મળતું નથી.

**નોંધ** : ડૉ. જયંત ખત્રી – સમગ્ર વાર્તાઓ : ૧૯૯૪ : એસ.એન.ડી.ટી. દ્વારા પ્રકાશિત પુસ્તકની વાર્તાઓના આધારે. પૃષ્ઠક્રમાંક આ પુસ્તક મુજબના દર્શાવ્યા છે.

## બક્ષીની વાર્તાઓ : વિષયવૈવિધ્ય સંદર્ભે | વિજય શાસ્ત્રી

ટૂંકી વાર્તાનું નર્યું વાર્તાપણું જાળવી રાખવાની સભાનતા ગુજરાતી ટૂંકી વાર્તાસંદર્ભે જો કોઈ લેખકે સૌથી વધુ માત્રામાં દાખવી હોય તો તે ચંદ્રકાંત બક્ષીએ. આ વિધાનને વધુ સ્પષ્ટ કરવા ઉલટાવીને મૂકી શકીએ કે વાર્તા નામે ઓળખાતી રચનાને વાર્તાત્મકતાથી દૂર લઈ જવાની ચેષ્ટા ચંદ્રકાંત બક્ષીએ તેમની આ પ્રકાર (અં. Genre)ની રચનાઓમાં સૌથી ઓછી કરી છે. તેમણે એકથી વધુ સ્થળે આપેલી સ્વવિષયક કેફિયતોમાં પણ વાર્તાકાર તરીકે ઓળખાવવાનું વધુ પસંદ કર્યું છે.

'વિષયવૈવિધ્ય' એવો શબ્દપ્રયોગ સ્થૂળ સગવડ માટે જ હોઈ શકે, કેમકે વાર્તાઓના વિષયની એકવિધતા હોવા છતાં તેને ઑપરેટ કરવાના તરીકાઓ બહુવિધ હોય એવી સુખદ ઘટના પશ્ચિમમાં cycle stories નામે ઈઆન રીડે ઓળખાવેલા ટૂંકીવાર્તાના એક પેટાપ્રકારમાં ઉપલબ્ધ છે.

બક્ષીજીએ વાર્તાલેખનનો આરમ્ભ ૧૯૫૦માં 'મકાનનાં ભૂત' નામક વાર્તાથી કર્યો અને પછી લગભગ બીજાં ૫૦ વર્ષ સુધી તેમનું વાર્તાલેખન ભરતીઓટ અનુભવતું છતાં



Parab Online
July 2007
Page: 15

વણથંભ્યું જારી રહ્યું. પચાસ-પચાસ વર્ષો જે સ્વરૂપ પાછળ અર્પ્યાં એ સ્વરૂપ આમેય બદલાતી જતી સામાજિક તરાહો, જાગતિક ગતિવિધિઓ અને તેને પરિણામે બદલાતી જતી માનવીય પરિસ્થિતિઓથી પ્રભાવિત થયા વિના ન રહે એ સમજી શકાય એમ છે. બક્ષીના અર્ધી સદીના વાર્તારાશિ પર સમકાલીન પરિબળોની જોઈ શકાય તેવી અસરો અલબત્ત છે પણ સમકાલીન કે પૂર્વકાલીન વાર્તાસર્જકોના પ્રભાવમાં તેઓ ખાસ આવ્યા હોય તેમ શોધી શકાતું નથી. હા, પશ્ચિમના સિડની પૉર્ટર (જેને સાહિત્યજગત ઓ. હેન્રી નામે ઓળખે છે.) ગી દ મોપાસાં કે ચેખોવની પ્રસિદ્ધ કૃતિઓની અસર એમની ચોક્કસ ટૂંકી વાર્તાઓમાં દેખાય છે જેનો નિર્દેશ યથાસ્થાને થશે. 'ગો ટુ ટેનહાઉસ' જેવી વાર્તામાં પ્રસિદ્ધ અમેરિકી વાર્તાકાર ટ્રુમેન કૅપોટની 'અ ક્રિસમસ મેમરી'ના પડઘા પડતા જણાય છે.

આટલી પૂર્વભૂમિકા પછી પણ બક્ષીની ટૂંકી વાર્તાઓમાં થોડું સાહસ કરીને કહીએ તો સ્થાયીભાવ વ્યથા, વેદના અને આઘાતનો છે. આઘાતો બે રીતે સંભવ્યા છે. એક તો પરિસ્થિતિની વક્રતાઓ-Ironies-ને લીધે અને બીજા માનવવર્તનને લીધે ભેગાં પણ મૂકી શકાય. બક્ષીની ૧૩૯ વાર્તાઓના સંચયમાંથી 'નાસ્તિક' જેવી એકાદ-બે વાર્તાઓ અપવાદ રૂપે જડે કે જેમાં કશીક સુખદતાની છાયા વરતાતી હોય.

સ્ત્રીપુરુષસંબંધ અને દાંપત્ય એ એવા વિષયો છે કે જેને ભાગ્યે જ કોઈ સર્જકે છોડ્યા હોય. આ વિષયને બક્ષીએ તેની તમામ વક્રતાઓ સમેત આલેખ્યો છે. દાંપત્યના કથાવસ્તુમાં જ સ્ત્રીપુરુષસંબંધનાં સર્વ પરિમાણો સમાઈ જાય એવી કથનરીતિ પણ બક્ષીનો વિશેષ છે. આ સંબંધનાં પરસ્પર વિરોધી સંવેદનરૂપોને તેમણે પારખ્યાં છે. 'નાસ્તિક' વાર્તામાં જે પત્નીથી ત્રાસીને કથાનાયક ગૃહત્યાગ કરે છે એને જ્યારે મેડલ પ્રાપ્ત થાય છે ત્યારે આનંદ થવાને બદલે એ આનંદને શૅર કરે એવાં પત્ની અને ઘર યાદ આવે છે અને તેનું પુનરાગમન થાય છે તો 'એક સાંજની મુલાકાત', 'દરમિયાન', 'રોમિયો – અને જુલિયેટ અને', 'અઢી મિનિટની વાર્તા', 'બેકલતા' અને બહુચર્ચિત 'કુત્તી' આ વિષયના ખાનામાં મોટે ભાગે બંધબેસતી થાય છતાં ખાનાને વળોટી બહાર પણ વ્યાપી રહે એ પ્રકારની રચનાઓ છે.

આ વિષયને બક્ષીએ જુદા જુદા ખૂણેથી જોયો છે એટલું જ નહિ પણ સ્ત્રીપુરુષસંબંધના કેટલાક બક્ષી પૂર્વે અસ્પૃષ્ટ રહી ગયેલા ખૂણાઓને પણ ઉજાગર કર્યા છે. 'એક સાંજની મુલાકાત'નો નાયક નવા ફ્લૅટમાં સપરિવાર રહેવા આવે છે. મહાનમાલિકની પત્ની શોભાના પાત્ર તરફ અત્યંત ઝડપથી બક્ષી કૅમેરો માંડે છે. પ્રથમ મુલાકાત વખતે જ 'શોભા મારું નિરીક્ષણ કરી રહી હતી એ હું સમજી ગયો.' એવું જે વાક્ય છે તેમાં કથાનાયક અને શોભાની સંબંધરેખાઓ દોરાવાની શરૂઆત થઈ જાય છે. આ શોભા પ્રત્યે કથાનાયક પ્રચ્છન્ન આકર્ષણ અનુભવે છે તેનું કારણ 'રાત્રે પાછા ફરતાં મને સાડાનવ વાગી જતા, અને પછી જમીને, મારી પત્ની સરલા સાથે થોડો ઝઘડો કરીને સૂઈ જતો નાયક.' એ વાક્યોમાં જોઈ શકાય. 'ધીમે ધીમે શોભા પ્રત્યે કંઈક આકર્ષણ થઈ રહ્યું હતું' એ નાયકને સમજાય છે. દરમિયાનમાં નાયકના મનમાં એક એવી ઇચ્છા પ્રગટે છે કે 'કોઈ દિવસ સરલા ઘરમાં નહિ હોય અને એ એકાએક મારા ઓરડામાં આવી જશે, અને બારીઓ બંધ કરી દેશે અને સાંજ હશે –' આવા વિચારોને નાયક પ્રયત્નપૂર્વક અટકાવી દે છે પણ તેમ છતાં 'દિવસો જતા તેમ તેમ શોભાએ મારા વિચારો પર સખત પકડ જમાવવા માંડી. મને દિવસરાત એના જ વિચારો આવતા.' અને એક દિવસ પત્નીની ગેરહાજરીમાં ખરેખર શોભા કથાનાયકની સામે આવીને ઊભી રહે છે. એને જોઈને કથાનાયકના કાન ગરમ થઈ જાય છે. શોભા બારણું બંધ કરે છે, મારે પ્રાઇવેટ વાત કરવી છે : એમ કહે છે. અંધારા રૂમમાં જાય છે અને શોભા કહે છે 'સામેના મકાનવાળા આપણને જુએ એ મને પસંદ નથી.' આમ ઉત્તેજનાસભર વાતાવરણને બક્ષી વળ પર વળ ચડાવતા જાય છે. ભાવક કશીક ગલગલિયાં કરાવતી ક્ષણની ઊંચે શ્વાસે પ્રતીક્ષા કરતો હોય છે ત્યાં જ શોભા આંખમાં આંખ પરોવી કહેવા માંડે છે : 'હું આવી છું કંઈક કહેવા, સાંભળો, લગભગ રોજ સાંજે છ વાગ્યે એક માણસ તમારી પત્નીને મળવા આવે છે ! તમને ખબર છે ?'

કથાનાયક કહે છે : 'હું ધ્રૂજી ઊઠ્યો.'

નાટ્યાત્મકતા ભારોભાર છે અને ઠેરઠેર છે. સહેજ હિંમત કરીને કહીએ તો બક્ષીએ નાટકને વાર્તા રૂપે મૂક્યું છે. જેનો બીજો નમૂનો 'બાર વર્ષે' વાર્તામાં જડે છે. રાજબંસ પોતાની પત્નીને પરપુરુષ સાથે સહશયન કરતી જુએ છે ને ઉશ્કેરાઈને તેની હત્યા કરે છે. બાર વર્ષની સજા ભોગવીને ગામ પરત આવે છે. દીકરીને મળવાની ઇચ્છા છે. ઘેર પહોંચે છે ત્યારે બાર વર્ષ પૂર્વે જે પત્નીને જે સ્થિતિમાં જોયેલી એ જ સ્થિતિમાં દીકરીને જુએ છે. પાત્રો બદલાયાં છે પણ પાત્રત્વ બદલાયું નથી. સમય બદલાય છે પણ પરિસ્થિતિ બદલાઈ નથી. પણ એક મોટો બદલાવ એ આવ્યો છે કે બાર વર્ષ પૂર્વે એ હત્યા કરી શક્યો હતો, બાર વર્ષ પછી નથી કરી શકતો. આ જ ધારામાં 'રજ્જોનો પતિ' વાર્તાને પણ મૂકી શકાય. લાલસિંઘની પત્ની તેના એક સંબંધી રામનાથ સાથે આડો સંબંધ ધરાવે છે એટલે એક દિવસ છુપાઈને લાલસિંઘ તેનું ખૂન કરે છે પણ જેનું ખૂન કરે છે એ રામનાથ નથી પણ પત્નીનો ભાઈ હતો ! વર્ષો પછી જેલમાંથી છૂટીને લાલસિંઘ પોતાનો વેશ બદલી બીજું નામ રાખી ગામ જાય છે. પત્નીનો યાર તેને ઓળખી શકતો નથી અને તે રામનાથનું ખૂન કરી નાખે છે. વિવાદોમાં સપડાયેલી અને એને કારણે બક્ષી પર કેસ પણ થયેલો એ 'કુત્તી' રચનામાં બે પુરુષો અને એક સ્ત્રી ટીટસીના દેહવ્યાપારનાં પ્રગલ્ભ દશ્યો / ચિત્રોએ સુગાળવા વાચકોને ભડકાવ્યા હતા. પરંતુ લેખકને એ દ્વારા જે અભિપ્રેત છે તેને ધ્યાનમાં લેતાં આવા સ્ત્રીપુરુષસંબંધનું આલેખન વાર્તાના કથ્યની જરૂરિયાતમાંથી સંભવ્યું છે. તેથી સાભિપ્રાય છે. બબ્બે પુરુષો જોડે અવૈધ સંબંધો ધરાવનાર હોવાથી ટીટસીને બજારુ ઓરતનું બિરુદ આપી શકાય. આવી આ ટીટસીના બંને પુરુષમિત્રો એકાએક નોકરી વગરના થઈ જાય છે ત્યારે આવક મેળવવા ટીટસી પોતાના દેહવિક્રય દ્વારા કમાવાનો પ્લાન જણાવે છે જે સાંભળીને પુરુષમિત્ર ફક્ત કથાનાયક જ નહિ, વાચક પણ ધ્રૂજી ઊઠે છે. આપણે આપણે વિશે જ સતત વિચારીએ છીએ પણ સંસ્કૃત કથામાં આવે છે તેમ ફૂટેલી આંખ જે બાજુએ રાખીને હરણ ચરે છે તે બાજુએથી પણ શિકારી તીર મારી શકે છે એ સમ્ભાવનાનો અણસાર સુધ્ધાં આપણને આવતો નથી. નાયક પત્ની સાથે ઝઘડો કરીને સૂઈ જાય એ રોજનો ક્રમ છે, તેના પરિણામસ્વરૂપ શોભા પ્રત્યે આકર્ષાય એ આખું તર્કશાસ્ત્ર પણ બરાબર છે પણ શોભાના પક્ષે પણ આ જ લૉજિક કામ કરતું હોઈ શકે એની કલ્પના તે કરી શકતો નથી. બક્ષીની આ વાર્તા અર્નેસ્ટ હેમિંગ્વેની 'ઇન અનધર કંટ્રી' વાર્તાના થીમને મળતી આવે છે. જેમાં એક લશ્કરી કર્નલ નવાસવા જોડાયેલા જુવાનોને લગ્ન કરવાની ના પાડે છે કેમકે


પરબ ❖ ૨૦૦૭ ● ૭

આપણી જિંદગી બિનસલામત છે; આપણે લગ્ન કરીએ ને વૈધવ્ય પત્નીને ભોગવવાનું થાય ! પણ ત્યાં જ પત્નીના માંદગીમાં થયેલા મરણના સમાચાર આવે છે ત્યારે સમજાય છે કે મરણ પત્નીનું પણ અ-કાળે થઈ શકે છે એનો અણસાર કર્નલને આવ્યો જ નહોતો. બક્ષીની વાર્તાઓના અંત માટે ફ્રાન્ક કરમોડના 'The Sense of Ending' પુસ્તકને યાદ કરવું પડે. એમાં તેમણે (કરમોડે) અંત એ અંત નથી પણ સમગ્ર કૃતિને નવા પરિમાણમાં મૂકીને ફરીથી જોવાની ફરજ પાડતો એક જીવંત વાર્તાઘટક છે એનું પ્રતિપાદન કર્યું છે. આ વાર્તાનો અંત નાયકના શોભા માટેના સમગ્ર આકર્ષણને ફોગ કરી નાખે છે. શોભા કથાનાયકને મળવાની જે આતુરતા દાખવે છે તે કશાક પ્રણયજન્ય આવેગનું ફળ નથી, પરંતુ નાયકની પત્ની વિશે સમાચાર આપવાની અધીરાઈમાંથી જન્મેલી છે એ સમજાતાં નાયકનો શોભા પ્રત્યેનો માનસિક વ્યવહાર એકપક્ષીય બની રહે છે. વાર્તાના વાચન દરમિયાન જે દ્વિ-પક્ષી લાગે છે એ વ્યવહાર છેવટે એકપક્ષી નીવડે એ રીતની ટેક્નિક નાટ્યસદૃશ છે. બક્ષીની ટૂંકી વાર્તાઓમાં કુશાન ઉશ્કેરાઈને તેને 'કુત્તી' સંબોધનથી નવાજે છે. વાર્તાનો વ્યંગ્ય એ છે કે બે મિત્રો પ્રત્યેના ઉત્કટ પ્રેમને લીધે જ ટીટસી દેહવ્યવસાયમાં જવા માગે છે. આમ તો બજારુ ઓરતને પ્રેમ જેવી કોઈ બાબત સાથે લેવાદેવા નથી હોતી પણ અહીં પ્રેમના અતિરેકને લીધે જ ટીટસી બજારમાં બેસવા માગે છે અને વિપર્યાસ ઓ. હેનરીની કથાઓનું સ્મરણ કરાવે એવો છે. વિગતો અશ્લીલતાની સરહદ વટાવી જતી હોઈ શકે પણ વાર્તાનો ધ્વનિ સ્ત્રીના પ્રેમના એક નવતર પાસાનું દર્શન કરાવે છે એ વાત વાર્તાને વખોડતાં પૂર્વે યાદ રહેવી જોઈએ.

બક્ષીની ઓછી જાણીતી છતાં મૅલોડ્રામાના અભાવને લીધે જાણીતી થવી જોઈતી સઘન વ્યથાનો સ્પર્શ કરાવી ભાવકહૃદયને હચમચાવી મૂકે એવી કૃતિ છે 'ફોટા.' આખી વાર્તા પ્રથમ વાચને ફોતરાં જેવી સાંસારિક વિગતોની ભરમારથી કંઈક કંટાળો જન્માવે. પણ વાચક જ્યાં વાર્તાના અંત પર પહોંચે છે ત્યાં તેના ચિત્તમાં આખી રચનાના બધા જ તાણાવાણા જે નિરર્થક અને બિનજરૂરી પ્રસ્તાર સમા લાગતા હતા – લાગ્યા હતા – તે એક નવા જ અર્થમાં ઝબોળાય છે. સવિતાબહેન વિધવા છે. એની દીકરીએ એમની ઇચ્છાવિરુદ્ધ પ્રેમલગ્ન કર્યાં છે. દીકરી-જમાઈ જોડે હાફહાર્ટેડ રિલેશન છે પણ એકાએક એ દીકરીને ઘેર, મુંબઈની લોકલ ટ્રેનના પ્રવાસનું કષ્ટ વેઠીને પહોંચે છે. દીકરીને નવાઈ લાગે છે કે બા કેમ આમ સાવ અચાનક આવી ઊભાં ! બધાંની ખબરઅંતર પૂછી બા પાછાં સ્વગૃહે આવે છે ત્યારે લેખક સર્વજ્ઞના કથનકેન્દ્રથી કહે છે કે તેમની ઝોળીમાં એક્સ-રેના ફોટા હતા. જેમાં જઠરમાં કૅન્સરનાં ચાર ટપકાં દેખાયાં છે. ડૉક્ટરે સ્પષ્ટ કહ્યું છે કે હવે છ જ મહિના બાકી છે. જે ઇચ્છા હોય તે પૂરી કરી લેજો. દીકરીને આ છ મહિનાવાળી વાત કહેવાની ઇચ્છાથી સવિતાબહેન મળવા જાય છે પણ એ વાત કહ્યા વિના જ પાછાં ફરે છે. સંતાનો માટેનો વલવલાટ અને સામે પક્ષે સંતાનો દ્વારા થતી ઉપેક્ષા એ આપણા વયસ્કોના છાતીમાં ભોંકાયેલા શૂળ સમો પ્રશ્ન 'ફોટા' વાર્તામાં ડોકું કાઢે છે.

કશી સનસનાટી વગરની ઘટનાને વાર્તાનો વિષય બનાવાઈ છે 'અનાર'માં. બક્ષી ભારઝલ્લી ઘટનાઓના લેખક – આલેખક તરીકે જોવાયા છે ત્યારે આ વાર્તા 'અનાર'ના જીવનમાં કશું જ ન બનવાની ઘટનાને વાર્તાનો વિષય બનાવે છે એની નોંધ સુજ્ઞ ભાવકે ધ્યાનથી લેવી જરૂરી છે. 'અનાર' એકતાળીસની થઈ ગઈ છે. તેની માતા અને મોટીબહેન પ્રજ્ઞા તેને લગ્ન માટે દબાણ કરતાં રહે છે. અનારને બતાવેલા છોકરાઓ એવા હોય છે કે... છેવટે અનાર એકલી જ રહે છે. 'ચૅખોવ'ના જાણીતા નાટક 'થ્રી સિસ્ટર્સ'માં પાત્રોની સામે ભયાનક શૂન્યતા મોં ફાડીને ઊભી છે તેમ અનારની સામે પણ સિવાય શૂન્યતા કશું નથી.

'ગુડનાઇટ ડૅડી', 'ગો ટુ ટેનહાઉસ'નો વિષય બાળપાત્રોને લીધે જુદો પડે છે. તો 'ઑપરેશન ભુટ્ટો', 'આમારબાડી, તોમાર બાડી, નોકશાલ બાડી' યુદ્ધકથા અને નક્ષલવાદી વાતાવરણની કતાઓ લેખે ધ્યાન ખેંચે છે. 'હેન્ડ્ઝપ' અને 'દોમાનિકો' અનુક્રમે ડિટેક્ટિવ સ્ટોરી અને ઓગણીસમી સદીના બીજા-ત્રીજા દાયકામાં ગંગાકિનારે ફાલેલી ઠગપ્રવૃત્તિઓને લીધે નવી જ સૃષ્ટિમાં ભાવકને પ્રવેશ કરાવે છે.

બક્ષીનું સર્જક તરીકેનું વૈશિષ્ટ્ય તેના વિષયોમાં જેટલું નથી એટલું વિષયોની ઊલટફેરમાં છે. સ્ત્રીપુરુષસંબંધ કે દાંપત્ય કે યુદ્ધકથા જેવા વિષયો પરાપૂર્વથી પસંદ થતા આવ્યા છે. બક્ષીએ આ વિષયોની અંતર્ગત જે વ્યંગ્ય અને વક્રતા રહેલાં છે, વાસ્તવિકતાની બીજી બાજુ કેવી છે તેનું શોધન અને પછી એ વક્રતાને વધુ ધારદાર રૂપે પ્રસ્તુત કરી શકે એવા ટોનમાં નિરૂપણ કર્યું છે એમાં બક્ષીનો વાર્તાકાર તરીકેનો વિશેષ વરતાય છે. એમની આ રચનાઓ જેટલી વિષયને કારણે એટલી જ બલકે એથી વધુ ડંખીલા ટોનને કારણે આસ્વાદ્ય બની છે.

❒





પરબ ❖ ૨૦૦૭ ● ૭

# સાહિત્યવૃત્ત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

### બાળસાહિત્યકારોને નિમંત્રણ

ઈ.સ. ૨૦૦૬ના વર્ષમાં સામયિકમાં પ્રગટ થયેલ બાળકાવ્યની નકલ, કવિનું નામ-સરનામું, ફોન-મોબાઇલ નંબર, પ્રગટ કૃતિના સામયિકનું નામ તથા જવાબી પોસ્ટકાર્ડ નટવર પટેલ, સી-૨/૪, સીમંધર કોમ્પ્લેક્સ, પ્રભાત ચોક પાસે, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧, મો. ૯૮૯૮૪૭૦૮૮૧ એ સરનામે મોકલવા વિનંતી. મળેલી રચનાઓમાંથી 'બાળકાવ્યો-૨૦૦૬' એ નામે સંપાદન થશે.

### વિદ્યાર્થી અભ્યાસ શિબિર

'સ્પંદન'ના ઉપક્રમે ૧૮, ૧૯ ને ૨૦ મેના રોજ ગોવર્ધનરામ ત્રિપાઠી – સ્મૃતિ મંદિર, નડિયાદ ખાતે યોજાયેલ વિદ્યાર્થી અભ્યાસ શિબિરમાં વિદ્યાર્થીઓની મૌલિક સર્જનાત્મક કૃતિઓની ચર્ચા કરવામાં આવી હતી. શિબિરમાં મણિલાલ હ. પટેલ, રાજેન્દ્ર પટેલ અને જયંત ઓઝા ઉપસ્થિત રહ્યા હતા.

### કાવ્યપઠન

ઉપલેટામાં 'શબ્દલોક'ના ઉપક્રમે ૨૬ મેના રોજ કાવ્યપઠનનો કાર્યક્રમ યોજાઈ ગયો. તેમાં દેવેન શાહે કાવ્યોનું પઠન કર્યું હતું. તેમજ અહમદ મકરાણી, અમૃત રાણિંગા, જશુપુરી ગોસ્વામી અને ગુણવંત જોષીએ પણ પોતાનાં કાવ્યોનું પઠન કર્યું હતું.

### કવિશ્રી ઉમાશંકર જોશીની પ્રતિમાનું અનાવરણ

ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે ગુજરાતના મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીની પ્રતિમાનું અનાવરણ કવિના વતન બામણા, તા. ભિલોડા, જિ. સાબરકાંઠા ખાતે કવિના જન્મદિવસે તા. ૨૧ જુલાઈના રોજ બપોરે ૩ વાગે કરાશે. આ કાર્યના પ્રેરક ભારત સરકારના મંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા છે.

### ગુજરાતી દલિત સાહિત્ય પરિસંવાદ

તથાગત સેવા સંઘ, કેશોદ દ્વારા તા. ૨૬-૨૭ મે ૨૦૦૭ના રોજ ગુજરાતી દલિત સાહિત્ય પરિસંવાદ યોજાયો હતો. ઉદ્‌ઘાટન-બેઠકમાં જોસેફ મૅકવાને વ્યાખ્યાન આપ્યું હતું. લગભગ ૯૦ જેટલા ડેલિગેટોએ ભાગ લીધો હતો અને 'ગુજરાતી દલિત સાહિત્યની વિકાસરેખા' (ભી. ન. વણકર), 'ગુજરાતી દલિત નવલિકા' (ડૉ. રાઘવજી માધડ), 'દલિત આત્મકથા' (ડૉ. રાજેશ મકવાણા) અને 'ગુજરાતી દલિત નાટકો' (દલપત ચૌહાણ) વિષે વક્તવ્યો અપાયાં હતાં. યુવાન દલિત અધ્યાપકોએ પેપરનું વાંચન કર્યું હતું. કાર્યક્રમના સંયોજક ડૉ. નાથાલાલ ગોહિલ હતા.

❐



# પ્રતિભાવ

### સચ્ચિદાનંદ સન્માન : પ્રતિભાવ | ધીરુ પરીખ

ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી મૂર્ધન્ય અને માતબર સંસ્થા દ્વારા ઈ. ૨૦૦૪નું 'સચ્ચિદાનંદ સન્માન' આજે જ્યારે મને અર્પણ થઈ રહ્યું છે ત્યારે હું આનંદ અને આભારની લાગણી અનુભવું છું.

આ સન્માન જેમના નામ સાથે સંલગ્ન છે તે સ્વામી સચ્ચિદાનંદ આજની ધાર્મિક, રાજકીય, સામાજિક, નૈતિક પરિસ્થિતિઓના મૌલિક વિચારક છે અને તે વિચારોને નિબંધ રૂપે રજૂ કરનારા સભાન લેખક છે. પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય, પ્રાચીન અને અર્વાચીન વિચારધારાઓના તેઓ તુલનાત્મક અભ્યાસી છે. અંગ્રેજી સાહિત્યના વિક્ટોરિયન યુગના કાર્લાઇલ, રસ્કિન, આર્નોલ્ડ અને ન્યૂમૅન તથા આપણા પંડિતયુગના નિબંધકારોની પરંપરાના તેઓ અર્વાચીન નિબંધકાર છે. એમણે મનુષ્યજીવન અને સમાજના સંદર્ભે વ્યાપક અને મૌલિક ચિંતન કર્યું છે, અને તે તેમનાં તર્કબદ્ધ સુઘડ લખાણોમાં પ્રકટ થાય છે. એમની નિર્ભીકતા અને નિર્દાંભિકતા એમની અભિવ્યક્તિનાં આગવાં અને અંગભૂત પાસાં છે. મનુષ્યજીવન અને સમાજજીવન સંદર્ભે એમણે મૂલ્યકેન્દ્રી અને મૂલગામી મૌલિક વિચારણા પ્રકટ કરી છે. મનુષ્ય- સમાજ સાથે ઊંડી અને ઊંચી નિસબતથી જોડાયેલા આવા એક સભાન અને સમર્થ નિબંધકારના નામ સાથે સંકળાયેલું સન્માન સ્વીકારતાં આનંદ અને ગૌરવ અનુભવું છું.

ગુજરાતી સાહિત્ય પરિષદે મને આ સન્માન અર્પણ કર્યું છે ત્યારે મારા સર્જનની સત્ત્વશીલતા અને મૂલ્યનિષ્ઠા એને પ્રતીત થઈ છે તે સ્વયંસ્પષ્ટ છે. પરંતુ મારે માટે મારા સર્જનનું મૂલ્યનિષ્ઠાની કેળવણીમાં સત્ત્વશીલ પ્રદાન શું છે અને તે બાબતે મારી શી સમજ છે તે પ્રસ્તુત કરવું અનિવાર્ય અને અવસરોચિત છે.

સૌપહેલાં તો મારે એ જણાવવું જોઈએ કે કવિતા મારો પ્રથમ પ્રેમ છે. મેં અલ્પ સંખ્યામાં કાવ્યો સર્જ્યાં છે, અલ્પતર સંખ્યામાં ટૂંકી વાર્તાઓ સર્જી છે અને અલ્પતમ સંખ્યામાં એકાંકીનું સર્જન કર્યું છે. હવે પ્રશ્ન એ થાય કે સત્ત્વશીલ સર્જન એટલે શું ? આમ તો જે સર્જનમાં સદ્‌નું પ્રવર્તન હોય તે સત્ત્વશીલ. પરંતુ સમાજમાં ક્યારેય એકલા સદ્‌નું જ પ્રવર્તન રહ્યું નથી. અસદ્‌નું પણ અધિકાધિક પ્રવર્તન રહ્યું છે અને આને કારણે જ સદ્‌ની મહત્તા સ્વયંસિદ્ધ છે. આમ, વ્યક્તિ-જીવન અને સમાજ-જીવન સદ્-અસદ્‌નું મિશ્રણ છે. સર્જક પણ આવા સમાજની જ નીપજ છે અને આવા સમાજમાં જીવન નિર્ગમે છે. પરિણામે સંવેદના સ્પંદિત થતાં જ્યારે તે સર્જનપ્રવૃત્ત બને છે ત્યારે તે સર્જનમાં સદ્-અસદ્‌નો સમાવેશ થવો તે સહજ પ્રક્રિયા બની રહે છે. આથી સત્ત્વશીલ દ્વારા માત્ર સદ્‌નો પુરસ્કાર-પ્રચાર અને અસદ્‌નો તિરસ્કાર-ત્યાગ નથી. હા, સદ્‌નો આદર અને અસદ્‌નો અનાદર, સદ્‌ની આરાધના અને અસદ્‌ની અનારાધના એ એક સનાતન જીવનમૂલ્ય હોવા છતાં પણ, મનુષ્યની કરુણ નિયતિ એ છે કે એને જીવનમાં અને જગતમાં મહદંશે અસદ્‌નો સામનો કરવાનો આવે છે.



Parab Online
July 2007
Page: 18

હવે જ્યારે સાહિત્યકૃતિને જીવન અને જગત સાથે નિકટનો અને નક્કર સંબંધ છે એવું સ્વીકારીએ છીએ ત્યારે સર્જનાત્મક સાહિત્યકૃતિમાં સદ્-અસદ્‌ના દ્વન્દ્વનું આવવું અનિવાર્ય બને છે. પણ આ બન્ને વિષમ અને વિરોધી તત્ત્વો સાહિત્યની કલાકૃતિમાં કલાની શરતે આવે છે; કહો કે આવવાં જોઈએ. જો આમ ન હોત તો બૉદલેરનો કાવ્યગુચ્છ 'Les Fleurs Du Mal' – અનિષ્ટનાં પુષ્પો – અસ્તિત્વમાં આવ્યો ન હોત કે પછી નોબેલ પુરસ્કાર- વિજેતા એલિટિસ ઑડિસ્યૂસના દીર્ઘકાવ્ય 'Heroic and Elegaic Song of the Lost Second Lieutenant of Albania'માં સદ્-અસદ્‌ના સંઘર્ષની કથા અને એનું દર્શન પ્રકટ્યું ન હોત. 'અનિષ્ટનાં પુષ્પો' શીર્ષકમાં જ અસદ્-સદ્‌નો નિર્દેશ છે. આમ, વિશ્વમાંની ઉત્તમ સાહિત્યકૃતિઓ સદ્-અસદ્‌ની કલાત્મક સ્તરે પર્યેષણા કરે છે અને જીવનને જાણવાની, જોગવવાની તથા જીરવવાની પરોક્ષ પ્રેરણા આપે છે. આથી જ બૉદલેરે 'Tableaux Parisiens'ના કાવ્ય 'Le Crepuscule Du Soir' – સાંધ્યપ્રકાશ – ની અંતિમ પંક્તિમાં કહ્યું છે :

**'La douceur du foyer et n'ont jamais ve'cu'**

**('And he has never lived who's never known home')**

તો વળી 'Le Voyage' – પ્રવાસ – નામના દીર્ઘકાવ્યના છેલ્લા બે શ્લોકમાં મૃત્યુને આહવાન આપેલું છે. અને અંતિમ પંક્તિમાં કહે છે :

**'Au Fond de I'Inconnu pour trouver du nouveau'**

**(Within the unknown's depths we still seek something new)**

અંતકાળના આહ્‌વાનમાં અવનવાંની શોધ એ મનુષ્યનું સતત ઝંખનામૂલ્ય છે.

આમ, કલ્પન-પ્રતીક, અલંકાર ઇત્યાદિનો ઉપયોગ કરી સાચો અને સમર્થ સર્જક સંપૂર્ણ તાટસ્થ્યથી આ દ્વન્દ્વને નીરખે છે અને નિરૂપે છે. એ કેવળ સદ્‌નો સીધો પ્રચારક બનતો નથી, બલકે અસદ્‌ની આડમાંથી સદ્‌નું દર્શન કરાવે છે. જગતમાં શ્રેષ્ઠ કવિઓની કૃતિઓ આની સાખ પૂરે તેમ છે. સદ્‌ના સીધા પ્રચારની પ્રવૃત્તિ સંતજન માટે ઇષ્ટ અને અનિવાર્ય છે, તો કવિજન માટે તે અનિષ્ટ અને નિવાર્ય છે. કવિ મુખર બન્યા વિના વર્ણન-કથન-નિરૂપણમાત્રથી પોતાનું સમ્યગ્દર્શન ઇંગિતે છે. આમ, જ્યારે કલાકૃતિ અસ્તિત્વમાં આવે છે ત્યારે તે સત્ત્વશીલ બને છે.

આવી સત્ત્વશીલ કૃતિના સર્જન દ્વારા સર્જક સમાજમાં કેવાં અને કયાં મૂલ્યોની કેળવણીનો પ્રચાર કરે છે ? વિશ્વભરમાં મૂલ્યો મુખ્યત્વે બે પ્રકારનાં છે. એક, સર્વકાલીન મૂલ્ય. બીજું તત્કાલીન મૂલ્ય. તત્કાલીન મૂલ્યો કોઈ પણ દેશકાળના સમાજની જરૂરિયાતો અનુસાર બદલાતાં રહે છે. વળી, સનાતન મૂલ્ય પણ એક નથી, બલકે અનેક છે. એ જ રીતે તત્કાલીન મૂલ્ય પણ એક નથી, અનેક છે. વળી, આ બધાં મૂલ્યોની એકસાથે સહોપસ્થિતિ હોય છે એટલું જ નહીં, વિરોધી મૂલ્યોનું પણ સહઅસ્તિત્વ હોય છે. આથી કલાકાર સર્જક કોઈ એકાદ મૂલ્ય કે એકાધિક મૂલ્યોને, સનાતન કે તત્કાલીન મૂલ્યોને ઉપેક્ષી ના શકે. પણ એનો અર્થ એવો પણ નથી કે તે સર્જનાત્મક કૃતિમાં મૂલ્ય કે મૂલ્યોનાં સીધાંસપાટ કથન કરે કે કર્યા કરે. કોઈ પણ પ્રકારના મૂલ્યનો પ્રકટપણે બોધ આપવાનું કામ કવિકલાકારનું નથી. અને તેમ છતાં તે જે રચે છે તે રચનામાં પેલો એક યા બીજો મૂલ્યબોધ દેહમાં પ્રાણની જેમ અનુસ્યૂત હોય છે. અને આમ અપ્રકટ મૂલ્યના બોધવાળી કલાકૃતિના સર્જન દ્વારા પરોક્ષ રીતે મૂલ્યની કેળવણીમાં સર્જક યોગદાન આપે છે.

અલબત્ત, તત્કાલીન મૂલ્યો સ્થાયી નથી. એ દેશકાળની સામાજિક જીવનસરણી પ્રમાણે બદલાતાં રહે છે. આદિકાળથી અદ્યતન કાળ સુધીમાં ધર્મ, રાજ્ય, વિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ આદિમાં પરિવર્તનો થતાં રહ્યાં છે, અને તદનુસાર, જે તે દેશકાળમાં તત્કાલીન મૂલ્યો બદલાતાં રહ્યાં છે. આથી એમ કહી શકાય કે જીવન દેહ છે, સનાતન મૂલ્યો પ્રાણ છે અને તત્કાલીન મૂલ્યો વસ્ત્રો છે. જેમ મનુષ્યદેહ સમયસંજોગ પ્રમાણે વસ્ત્રપરિધાનમાં પરિવર્તન કરે છે, પણ પ્રાણત્યાગ કરતો નથી. તે જ રીતે વ્યક્તિજીવન કે સમાજજીવન પોતાની સમસામયિક જરૂરિયાત પ્રમાણે તત્કાલીન મૂલ્યોમાં પરિવર્તન આણે છે. આમ, સત્ત્વશીલ સર્જનાત્મક કૃતિ દ્વારા સર્જક પોતાને અપેક્ષિત સનાતન કે સમકાલીન મૂલ્યનિષ્ઠાનું પુરસ્કરણ અને પરિવર્ધન કરે છે. અહીં એ યાદ રાખવું ઘટે કે સભાન સર્જક કલાકાર મૂલ્યપ્રચારના પ્રકટ પરિવેશથી દૂર રહેવો જોઈએ. ન્હાનાલાલ મૂલ્યરક્ષક અને મૂલ્યપ્રવર્તક હોવા છતાં પણ એક કલાકાર કવિને નાતે તેમણે જે કહ્યું છે તે સ્મરણમાં આવે છે. 'પ્રસ્તાવમાળા'માં ન્હાનાલાલ કહે છે :

'કવિ તે ચળવળકાર નથી. કવિનો ધર્મ આંબાવાડિયાં વાવવાનો, કેરીઓ વેચવાનો નથી. કવિ Fundamentals ઉચ્ચારે, Propagandist ન થાય.' કવિને આવો પયગંબરી પોષાક પહેરવાની જરૂર નથી કે એવો પોષાક એ પહેરે એવી કોઈએ અપેક્ષા પણ રાખવાની હોતી નથી. ખરેખર તો કલાત્મક કૃતિનું સર્જન એ જ મોટું મૂલ્ય છે.

કંઈક આવી ભૂમિકાએ હું હમેશાં સર્જનપ્રવૃત્ત રહ્યો છું. મારું લક્ષ્ય કલાકૃતિના સર્જનનું રહ્યું છે. એમાં વિવિધ પ્રયોગો અને પ્રયુક્તિઓ દ્વારા કથયિતવ્યને કલાઘાટ આપવાનો મેં હમેશાં સભાન સર્જકપુરુષાર્થ કર્યો છે. મારા કાવ્યસંગ્રહોમાં મેં ભાગ્યે જ પુનરાવર્તન કર્યું છે, તેમ કાવ્યજ્ઞો માને છે. ગીત, સૉનેટ, પરંપરિત માત્રામેળનાં કાવ્યો, છપ્પા, હાઇકુ તથા વનવેલીમાં બોલચાલની છટાયુક્ત કાવ્યરીતિ દ્વારા કોઈ એક નહીં, પણ વ્યાપક અર્થમાં સનાતન તથા સમસામયિક જીવનમૂલ્યને ક્યારેક લક્ષણા-વ્યંજના તો ક્યારેક વ્યંગ-વક્રોક્તિ દ્વારા કલાઘાટ આપવાનો મારો નમ્ર પ્રયત્ન રહ્યો છે. મારી આવી સર્જનાત્મક મૂલ્યનિષ્ઠાનું પ્રોક્ષણ થાય છે તેને હું વિનમ્ર ભાવે હૃદયપૂર્વક સ્વીકારું છું અને સહુની રસજ્ઞતા તથા સહૃદયતાને અભિનંદું છું.

(તા. ૨૧ જૂન, ૨૦૦૭ના રોજ સચ્ચિદાનંદ સન્માન સ્વીકારતાં પ્રતિભાવ રૂપે આપેલું વક્તવ્ય)





પરબ ❖ ૨૦૦૭ • ૭

# સાહિત્ય મારે માટે શ્વાસોચ્છ્વાસ | ભોળાભાઈ પટેલ

સચ્ચિદાનંદ સન્માન માટેના નિમંત્રણપત્રમાં અમારે માટે ‘સન્નિષ્ઠ સાહિત્યકાર’ એવા શબ્દો વપરાય છે. આ સન્માન પ્રાપ્ત કરનાર સૌ સાહિત્યકારો માટે કદાચ એ પ્રયોજાતા રહ્યા હશે. એક વ્યક્તિ તરીકે હું સન્નિષ્ઠ છું કે નહિ, એમાં સંદેહને અવકાશ હોઈ શકે છે, પણ એક વાત આજે હું વિશ્વાસથી કહીશ કે સાહિત્ય પ્રત્યેની મારી નિષ્ઠા આંતરિક અને અખંડ છે. સાહિત્ય મારે માટે સાધના છે, સાહિત્ય મારું સાધ્ય છે. એમ કહી શકાય ખરું કે સાહિત્ય મારી આજીવિકાનું સાધન પણ રહ્યું છે. કેમકે ૧૮ વર્ષની વયે જ્યારે હાઈસ્કૂલમાં શિક્ષક થયો ત્યારથી મુખ્યત્વે ભાષાસાહિત્યનું શિક્ષણ આપતો આવ્યો છું, પછી એ ગુજરાતીનું, હિન્દીનું કે સંસ્કૃત ભાષાસાહિત્યનું હોય. એક વખતે અંગ્રેજી સાહિત્ય ભણાવવાની ઇચ્છા કરી હતી અને એ માટે કૉલેજ-યુનિવર્સિટીમાં અધ્યાપક છતાં, અંગ્રેજીના અધ્યાપક થવાની યોગ્યતા મેળવી હતી. પરંતુ અધ્યાપક તરીકે મારે है – हूँ અર્થાત્ હિન્દી સાથે વિશેષ નાતો રહ્યો. આ ચાર ભાષાઓ ઉપરાંત પદ્ધતિસરનો અભ્યાસ બંગાળી, અસમિયા અને જર્મનનો કર્યો. ઓડિયા અને મરાઠી ભાષા વાંચવાનો પણ સંપર્ક રાખ્યો. કોઈ નવી ભાષાનું પુસ્તક જોતાં થાય કે આને ઉકેલી શકું તો કેવું ? એટલે ફ્રેંચ અને ઈટાલિયનમાં પણ ‘લેસન્સ’ લીધા છે.

હું મને આજીવન વિદ્યાર્થી માનું છું – ભલે અધ્યાપક – પ્રોફેસર કહેવાતો હોઉં અને યજ્ઞેશ દવેએ મારો પરિચય આપતાં કહ્યું તેમ હું માનું છું કે વિદ્યા તો કણ કણ અને ક્ષણ ક્ષણ આવે છે. ગામડાગામની નિશાળમાં ભણવા છતાં પિતાજી શિક્ષક હોવાને કારણે, જોકે શિક્ષક કરતાં તેઓ ખેડૂત જ વધારે હતા, ભણતર સિવાયની ચોપડીઓ અમારે ઘેર આવતી. તેમાં એક વાર નાનાભાઈ ભટ્ટનાં ‘રામાયણનાં પાત્રો’ અને ‘મહાભારતનાં પાત્રો’ના સેટ શાળાના પુસ્તકાલયમાંથી લાવેલા. એ દિવસોમાં વ્યાસ વલ્લભરામનું મહાભારત પણ ભૂખતરસ ભૂલીને વાંચ્યું. મેઘાણીનું ‘માથાનાં દાન’ પુસ્તિકા વાંચતાં અજાણે જ રવીન્દ્રનાથની સૃષ્ટિમાં પ્રવેશ થઈ ગયો હતો, જોકે રવીન્દ્રનાથ વાંચ્યું છું એનું જરાય ભાન નહોતું. રમણલાલ સોનીએ અનૂદિત કરેલી ‘રાજર્ષિ’ કિશોરો માટેની નવલકથા વાંચી, ત્યારે રવીન્દ્રનાથના નામની સભાનતા આવેલી.

પછી હાઈસ્કૂલ દરમિયાન ઉત્તમ આદર્શ શિક્ષકો મળ્યા, જેમણે સાહિત્યની દુનિયામાં પ્રવેશ કરાવ્યો. એ પહેલાં છેક પાંચમા ધોરણમાં કલાપીની ‘ગ્રામમાતા’ કવિતાએ વિવિધ છંદો માટે આકર્ષણ પેદા કરેલું, તેનો પ્રથમ રોમાંચ હજી છે. શિવાભાઈ સાહેબે છંદોનો એ રીતે પાઠ કરેલો.

અહીં હું મારી સાહિત્યયાત્રા વિષે વિગતે વાત કરું એટલો સમય નથી, પણ આ યાત્રામાં જેમની પાસેથી સાહિત્યના પાઠ ભણવા મળ્યા છે તેમાં મોહનલાલ પટેલ જેવા ગુરુઓને તો સ્મરું જ, પણ જરા પક્વ વયે જે ચાર ગુરુઓ મને મળ્યા, તેમણે તો સાહિત્ય સાથે જીવનના પાઠ ભણાવ્યા છે. તે ગુરુઓ ઉમાશંકર જોશી, નગીનદાસ પારેખ, હરિવલ્લભ ભાયાણી અને નિરંજન ભગત. સુરેશ જોષીની નિકટ આવવાનું ઓછું બન્યું – પણ એમને પણ યાદ કરું. આ ચારમાંથી કોઈ મારા રીતસરના અધ્યાપક નહોતા છતાં એમની સાથે



ગુરુ-શિષ્યનો નાતો હમેશ માટે બંધાઈ ગયો. તેમની પાસેથી વિદ્યા સાથે અઢળક પ્રેમ મળ્યો. પ્રોફેસર ઉમાશંકર ભાષાભવનમાં ગુજરાતી ભણાવતા પણ હું હિન્દીનો વિદ્યાર્થી હતો – એમ.એ.માં મેં ગુજરાતીના એમના વર્ગો ભરવાની અનુમતિ માગી તો કહે – ‘નિયમિત આવવું પડશે !’ ઓહ, કેવું ભાગ્ય ! એમની પાસે ગ્રીક ટ્રેજેડી, કાલિદાસ અને ઇબ્સન ભણવું એ તો લહાવો જ. પણ પછી એમની વધારે ને વધારે નિકટ જવાનું બન્યું. કેટલું ભણ્યા !

નગીનદાસ પારેખ પાસે બંગાળી શીખવા ગયા હતા, એમના ચરણે જ બેસી ગયા. રજનીકાન્ત રાવળ અને અનિલા દલાલ પણ તેમાં સાથે. રવીન્દ્રસાહિત્ય આવા ગુરુની પાસે ભણવા મળે એ નરી ધન્યતા. ચૌદ વર્ષ – ૧૯૬૪થી ૧૯૭૮ – બંગાળીના પાઠ ચાલ્યા. તે સાથે અનુવાદની દીક્ષા કહો તો દીક્ષા.

ભાયાણીસાહેબ તો જાણે સાથી – ગુરુ. કેટલો બધો સમય એમની સાથે ગાળ્યો હશે. સવારે ચાલવામાં, સાંજે ગોષ્ઠિઓમાં, ભાષાભવનમાં. ભાયાણીસાહેબ સાથે સેક્સથી માંડી સ્પિરિચ્યુઆલિટીની વાતો થઈ શકે – ખડખડાટ હાસ્ય સાથે.

નિરંજન ભગતના શિષ્ય થવાનું આશ્ચર્યકારક રીતે બન્યું. હું, રઘુવીર અને ચંદ્રકાન્ત એ દિવસોમાં નિરંજન ભગત, રાજેન્દ્ર શાહ અને પ્રિયકાન્ત મણિયારની કવિતાના આશિકો. એમનાં કાવ્યોનાં કાવ્યો મોઢે. મેં નિરંજન ભગતનાં મુંબઈ વિષેનાં કાવ્યો ‘પ્રવાલદ્વીપ’ની બૉદલેરનાં પેરિસ વિષેનાં કાવ્યો સાથે સરખામણી કરતો તુલનાત્મક વિવેચનનો લેખ લખ્યો. ઉમાશંકરે ‘સંસ્કૃતિ’માં છાપ્યો – અને એક રાતમાં હું ‘જાણીતો વિવેચક’ બની ગયો. ભગતસાહેબનું પ્રથમ પ્રત્યક્ષ એન્કાઉન્ટર રોમહર્ષણ આજેય ઉપજાવે. પણ પછી એમની પ્રીતિના ભાજન બની શકાયું. એમની પાસે એલિયટનું ‘ફૉર ક્વાર્ટેટ્સ’ રીતસર ભણ્યો અને અંગ્રેજી છંદો પણ.

આ મારા સાહિત્યગુરુઓ – મારા સાહિત્યજગતના ત્રણ સાથીઓ પણ એવા મળ્યા. રઘુવીર ચૌધરી સાથે આજે ૫૦થીય વધારે વર્ષનો સંબંધ રહ્યો છે. આમ તો માણસાની હાઈસ્કૂલમાં મારા એ વિદ્યાર્થી – આઠમા ધોરણથી. અત્યંત તેજસ્વી. એમણે ૧૯૫૫માં ઉજવાયેલ ગોવર્ધન શતાબ્દીવર્ષમાં નડિયાદમાં સરસ્વતીચંદ્ર વિષે યોજાયેલી નિબંધસ્પર્ધામાં ૧૦મા ધોરણના છાત્ર તરીકે નિબંધ મોકલેલો અને એ વખતની સાહિત્ય પરિષદના અધિવેશનમાં અમે સાથે ગયેલા. એ મારા છાત્ર પણ અને ‘ગુરુ’ પણ કહું, સાથી વિશેષ. બીજા સાહિત્યનાં સાથી ડૉ. અનિલા દલાલ. નગીનદાસની પાસે બંગાળી શીખવામાં સાથ થયો – એમની પાસેથી અંગ્રેજી સાહિત્યમાં માર્ગદર્શન મળ્યું પણ પછી વિદ્યાયાત્રામાં સહયાત્રિક બન્યાં. ચંદ્રકાન્ત શેઠ – એવા સાથી, એમ.એ.ના વર્ગથી સંબંધ. પરંતુ રઘુવીર અને ચંદ્રકાન્ત તો કવિ, રઘુવીર તો કથાલેખક પણ થયા. મેં કવિતા ન કરી, કથા પણ લખી, વિવેચનને માર્ગે ગયો, પછી અનુવાદ અને પછી નિબંધલેખન. સાહિત્યયાત્રામાં જેમ ગુરુઓ તેમ મિત્રોનો સાથ કેટલો બધો પ્રોત્સાહક બને, તે સૌના અનુભવની વાત છે.

પ્રાચીન-મધ્યકાલીન-અર્વાચીન અનેક સાહિત્યકારોનું પરિશીલન તો એક અધ્યાપક તરીકે કરવાનું આવ્યું. તેમાં હિન્દીમાં કબીર, સુરદાસ કે તુલસીદાસ જેવા મધ્યકાલીન કવિઓને બે દાયકાથીય વધારે સમય સુધી ભણાવ્યા છે – પરંતુ મેં જે ત્રણ સર્જકોનું આજીવન સઘન અધ્યયન કર્યું છે – અને જે હજીય પૂરું થયું નથી – તે ત્રણ સર્જકો છે – ઉમાશંકર

જોશી, હિન્દીના સચ્ચિદાનંદ વાત્સ્યાયન, 'અજ્ઞેયજી' અને બંગાળીના કવિ જીવનાનંદ દાસ. જ્યારે જ્યારે કોઈ પણ પ્રયોજન વિના વાંચવું હોય, ત્યારે આ સર્જકોની રચનાઓમાં ડૂબી જવાનું. અજ્ઞેયજી વિષે તો મેં હિન્દીમાં 'મહાનિબંધ' લખ્યો છે, જે દિલ્હીના એક પ્રતિષ્ઠિત પ્રકાશકે પ્રગટ કર્યો છે, જેની બે આવૃત્તિઓ થઈ છે. મને અને રઘુવીરને અતડા ગણાતા અજ્ઞેયજીની કંઈક નિકટ આવવાના અવસરો મળ્યા છે. એમના સાહિત્યે મારા જીવનને, મારી સંવેદનાને સમૃદ્ધ કરી છે. 'આઁગન કે પાર દ્વાર' નામના તેમના કાવ્યસંગ્રહનો ગુજરાતી અનુવાદ પણ કર્યો છે, જેની બહુ ઓછાને ખબર છે.

જીવનાનંદ દાસ તો થોડું બંગાળી વાંચતાં આવડ્યું ત્યારથી વાંચતો આવ્યો છું. ઉમાશંકરભાઈએ તેમની પસંદ કરેલી કવિતાના મેં કરેલા ગુજરાતી અનુવાદનું પુસ્તક 'વનલતા સેન' પ્રગટ કર્યું હતું, કહું કે અનુવાદો એમની પ્રેરણાથી જ થયા હતા, જેની પંક્તિએ પંક્તિ નગીનદાસની નજર તળેથી પસાર થયેલી. જીવનાનંદના શતાબ્દીવર્ષમાં કોલકાતામાં યોજેલા એક રાષ્ટ્રીય પરિસંવાદનું ઉદ્‌ઘાટન પ્રવચન સાહિત્ય અકાદેમીએ મારી પાસે કરાવેલ ! બે વર્ષ પહેલાં એમની કવિતાનું અનુવાદનું પુસ્તક 'નગ્ન નિર્જન હાથ' નામે બહાર પાડ્યું છે.

ઉમાશંકરના સાહિત્યના જીવનભર ચાલતા રહેલા પરિશીલન વિષે તો શું લખું ? કેટલું લખું ? હા, પણ એક વાતનો નિર્દેશ કરું કે 'નિશીથ' અને 'પ્રાચીના'ના હિન્દી અનુવાદ રઘુવીર ચૌધરી અને મેં – એ કરીને એમને હિન્દીભાષી વિશ્વમાં પહોંચાડ્યા છે, છેક સિત્તેરના દાયકામાં.

આ ત્રણ સર્જકો ઉપરાંત, તેમનાય જે ઉપાસ્ય રહેલા છે – તેવા બે મહાન ભારતીય સર્જકો મારા ચેતનાજગત અને શબ્દજગત સાથે એકરૂપ થઈ ગયેલા છે, તે છે કાલિદાસ અને રવીન્દ્રનાથ. પહેલો વરસાદ પડે અને પલળતાં પલળતાં મેઘદૂતના શ્લોકો સ્મરણે લાવું, એવો 'જનમ રોમાંટિક' (૨૦ઠા૦) છું. તેમનું વાચનમનન તો થતું જ રહે, એ રીતે રવીન્દ્રનાથનું. આ બન્ને સર્જકો મારા લેખનમાં ભળી ગયા છે. એમની વાત કરવા જતાં તો 'વરસોનાં વરસ લાગે.' રવીન્દ્રનાથના શાંતિનિકેતનમાં એક વર્ષ રહેવાનું મને મળ્યું છે, એને ઉત્તમ ભાગ્ય ગણું છું.

અહીં મારા છાત્રોનો જરા ઉલ્લેખ કરીશ – અસંખ્ય છાત્રોને ભણાવવાનું મળ્યું છે, પણ પછી જે સાહિત્યજગતમાં સાથી બન્યા છે, તેમાં સાહિત્ય અકાદેમી પુરસ્કાર વિજેતા થયેલાં બિન્દુ ભટ્ટ, 'ભીલોંકા ભારથ'નાં અનુવાદક મૃદુલા પારિક, 'સરસ્વતીચંદ્ર'ના હવે પછી પ્રગટ થનાર હિન્દી અનુવાદકમાંના એક વીરેન્દ્ર નારાયણસિંહ, આચાર્ય ઊજમ પટેલ અને શ્રીમતી રંજના અરગડે. આ છાત્રો સાથે હિન્દી-ગુજરાતી સાહિત્ય વિષે લગાતાર ગોષ્ઠિઓ થતી રહી છે – સાહિત્યશિક્ષણની મારી પરંપરા એકાદ અપવાદ સિવાય સૌએ પોતાની રીતે જીવતી રાખી છે.

સાહિત્યની સંસ્થાઓમાં ગુજરાતી સાહિત્ય પરિષદ સાથે ૧૯૫૫ના નડિયાદ અધિવેશનથી જોડાવાનું બન્યું છે. ચારેક વર્ષ મંત્રી તરીકે કામ કર્યું અને લગભગ ૨૫ વર્ષ એના મુખપત્ર 'પરબ'ના સંપાદક-તંત્રી તરીકે. તેમાં કેટલાંક વર્ષ શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળા સાથે ને કેટલાંક વર્ષ શ્રી રમેશ ર. દવે સાથે જુગલબંદી કરવાનો અનન્ય અનુભવ રહ્યો છે. સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રો અને અધિવેશનોએ અમારી સાહિત્યપ્રવૃત્તિને વેગ આપવાનું કામ કર્યું છે.

સાહિત્ય પરિષદની જેમ જ ગુજરાત રાજ્યની સાહિત્ય અકાદમી દ્વારા પણ સાહિત્યિક પ્રવૃત્તિઓને વેગ આપવાનો અવસર મળ્યો છે. શ્રી કુમારપાળ દેસાઈ અને અન્ય મિત્રોના સહયોગથી સાહિત્ય અકાદમીને અમે સાહિત્યજગતના નકશા પર મૂકી શક્યા હતા. અફસોસ છે કે અકાદમીઓની સ્વાયત્તતા સરકારે પોતાને હસ્તક કરી લીધી છે.

કેન્દ્રિય સાહિત્ય અકાદેમીના કાર્યવાહક સભ્ય તરીકે ભારતીય સાહિત્યના ચોરામાં દેશના અનેક સાહિત્યકારોને મળવાનું તથા ગુજરાતી સાહિત્યનું પ્રતિનિધિત્વ કરવાનું બન્યું છે.

આમ તો મારા જીવનની સાન્ધ્યવેલા છે ભલે, પણ સાહિત્ય જીવનને પ્રસન્ન રાખે છે. નવાં નવાં પુસ્તકો જોવાનો, વાંચવાનો આનંદ અક્ષુણ્ણ રહ્યો છે. હજુ કોઈ નયનરમ્ય નવા પુસ્તકને પસવારતાં નવયુવતીના સ્પર્શ જેવો રોમાંચ અનુભવાય.

આત્મકથનાત્મક નિવેદનથી એટલું કહેવું છે કે સાહિત્ય સાથે જીવનભર નિષ્ઠાભર્યો સંબંધ રહ્યો છે. હું આજના અર્થમાં ક્રિયાશીલ નથી, પરંતુ ગુજરાતી ભાષા અને સાહિત્યને ઉચિત સ્થાનમાન અપાવવામાં સતત ક્રિયાન્વિત રહ્યો છું. અગાઉ કહ્યું તેમ સાહિત્ય મારે માટે ઉપાસ્ય દેવતાને સ્થાને છે. સાહિત્ય મારે માટે શ્વાસોચ્છ્‌વાસ સમાન છે.

સાહિત્ય પરિષદે આપેલા સચ્ચિદાનંદ સન્માનને નમ્રભાવે સ્વીકારું છું. સ્વામી સચ્ચિદાનંદને પ્રણામ પાઠવું છું. આપ સૌને પણ વંદન કરું છું.

---

૨૧-૬-૨૦૦૭ના રોજ સાહિત્ય પરિષદે આપેલા સચ્ચિદાનંદ સન્માન વખતે આપેલા મૌખિક પ્રતિભાવનો અંશ

❒


પરબ ❖ ૨૦૦૭ • ૭

# સમીક્ષા/ગ્રંથાવલોકન

## ગુજરાતી કવિતાનો કમનીય કૅલાઇડોસ્કોપ | ધીરુભાઈ ઠાકર

[**વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા** : સંપા. ચંદ્રકાન્ત શેઠ, યોગેશ જોષી, હર્ષ બ્રહ્મભટ્ટ, ઊર્મિલા ઠાકર, પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૨૦૦૭, પૃ. ૬૨+૮૬૬, રૂ. ૬૦૦]

વાણીનો આવિષ્કાર એ માનવસંસ્કૃતિના વિકાસનું મહત્ત્વનું સોપાન છે. વાણીનો વૈભવ સાહિત્યમાં પ્રગટે છે. સાહિત્ય પ્રજાની સંસ્કારિતાની પારાશીશી ગણાય છે. કવિતા પ્રજાના મિજાજ કે વ્યક્તિત્વની, નાટક અને રંગભૂમિ તેની સંસ્કૃતિની, નવલકથા તેના સંસારજીવનની અને નિબંધ તેનાં રસરુચિની ઓળખ આપે છે.

'ભૂતના સંસ્મૃતિતારે વર્તમાન ગૂંથવાની' આવડત દરેક દેશકાળનો સમાજ કેળવતો રહે છે. તેમાંથી ઇતિહાસ રચાય છે. બીજાં ક્ષેત્રોની માફક સાહિત્યમાં પણ આ પ્રવૃત્તિ અનિવાર્યપણે ચાલતી હોય છે. પરંપરા કે / અને પ્રયોગ દ્વારા એક પેઢી બીજી પેઢી સાથેનું સાતત્ય જાળવીને કાળના પ્રવાહમાં આગળ વધે છે. તેમાંથી સદીઓની સાહિત્યિક ઉત્ક્રાન્તિનો આલેખ રચાય છે. તેનું મુખ્ય એકમ કવિતા છે.

કવિતા સાહિત્યનું ઉત્તમાંગ કહેવાય છે કેમ કે કવિતામાં જ પ્રજાનું ચૈતન્ય તેના મૂળ સ્વરૂપે પ્રગટ થાય છે. આત્મગત ચૈતન્ય તે અધ્યાત્મ. વ્યક્તિ કે સમાજમાં અન્તર્હિત અધ્યાત્મ કે તેના અંશની અભિવ્યક્તિ કવિતામાં પ્રાણ પૂરે છે. એ જ કવિતાનું તત્ત્વ ને સંસ્કૃતિનું સત્ત્વ છે. નાટક, નવલકથા અને નિબંધના હાર્દ રૂપે રહેલ અધ્યાત્મ – કે અધ્યાત્મનો સ્પર્શ માત્ર – તેનો કાવ્યાંશ છે. સાહિત્યનું મૂલ્યાંકન તેમાં પ્રવર્તતા આ કાવ્યતત્ત્વ પરથી થાય છે. શરીરમાં ચાલતા રુધિરના પ્રવાહના જેટલું સાહિત્યસમગ્રના પ્રવાહમાં પ્રવર્તતા કવિતાના પ્રવાહનું મહત્ત્વ છે. સાહિત્યના તત્ત્વ અને તંત્રની ગુણવત્તાનો અંદાજ તેની કવિતા પરથી નીકળે છે. વિવિધ સમયને અંતરે પ્રગટ થયેલ કાવ્યસંચયોનો અભ્યાસ તે માટે ઉપયોગી હોય છે. તેથી જ્યારે કવિતાનો કોઈ નાનો કે મોટો સંચય પ્રગટ થાય છે ત્યારે કાવ્યરસિકોનું ધ્યાન તે તરફ ખેંચાયા વિના રહેતું નથી.

સંખ્યાબંધ કાવ્યસંચયો વિષય (દા.ત., દેશભક્તિ), પ્રકાર, (દા.ત., સૉનેટ), રચનાબંધ (દા.ત. છાંદસ-અછાંદસ), યુગ (દા.ત, ગાંધીયુગ) – એમ વિવિધ દૃષ્ટિબિન્દુથી તૈયાર થાય છે અને તે શાળા-કૉલેજના અભ્યાસક્રમમાં નિયત થાય છે; પરંતુ તેનાથી ગુજરાતી કવિતાનો પૂરો અને વાસ્તવિક ચહેરો ઊપસી આવતો નથી. લાંબા સમયપટ પર મોટા સમુચ્ચયને યથાર્થ રીતે આવરી લે તેવા પ્રયત્નો ગણ્યાગાંઠ્યા જ થાય છે. તાજેતરમાં જ કવિ શ્રી સુરેશ દલાલે 'બૃહત્ ગુજરાતી કાવ્યસમૃદ્ધિ' અને પ્રો. બ. ક. ઠાકોર દ્વારા ગઈ સદીના પૂર્વાર્ધમાં સંપાદિત કરાયેલ 'આપણી કવિતાસમૃદ્ધિ'ના અનુસંધાનમાં ડૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળાએ સંપાદિત કરેલ 'આપણી કવિતાસમૃદ્ધિ (ઉત્તરાર્ધ)' એ શીર્ષકવાળા કાવ્યસંચયના પ્રયત્નો



તેમાં મહત્ત્વના ઉમેરા રૂપે એક ત્રીજો મહત્ત્વાકાંક્ષી પ્રયત્નરૂપ સંચય 'વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા' ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય તરફથી તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ છે. તેના સંપાદકો ડૉ. ચંદ્રકાન્ત શેઠ, શ્રી યોગેશ જોષી, શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ અને ડૉ. ઊર્મિલા ઠાકર છે. ૯૨૮ પાનાંના આ ગ્રંથમાં વીસમી સદી દરમ્યાન ૩૪૪ કવિઓએ રચેલ ૯૨૬ કૃતિઓને પસંદ કરીને મૂકેલ છે. આ ગ્રંથનું વિમોચન જ્ઞાનપીઠવિજેતા કવિ શ્રી રાજેન્દ્ર શાહે અમદાવાદમાં કર્યું હતું.

આ ગ્રંથની કેટલીક વિશિષ્ટતાઓ તરત નજરે ચડે છે. તે એક આખી સદીની કવિતાને, તેમાં થયેલ વિષય, સ્વરૂપ, શૈલી ઇ.ના પ્રયોગો સહિત, આવરી લે છે. પસંદ કરેલી સદી જગતના ઇતિહાસમાં અનન્ય અને અનોખું સ્થાન ધરાવતી ઘટનાઓથી ભરેલી છે. મોટા ભાગની રચનાઓ સીધેસીધી મૂળ સ્રોતમાંથી લીધેલી જણાય છે. રચનાઓની પસંદગી સમગ્ર સદીની કવિતાની મુદ્રા ઉપસાવવા તાકે છે. પાઠનિર્ણય, કવિપરિચય, કવિજન્મ-તારીખસૂચિ અને કાવ્યપંક્તિઓની સૂચિ પૂરતી ચીવટ અને ચોકસાઈથી કરેલાં દેખાય છે. તેથી પ્રથમ નજરે જ ગ્રંથનું સંપાદન સુઘડ, શાસ્ત્રીય અને સ્વચ્છ હોવાની છાપ ઊભી થાય છે.

કવિતા શૂન્યાવકાશમાં રચાતી નથી. દેશકાળનો પ્રભાવ સર્જક અને તેના સર્જન પર પડ્યા વિના રહેતો નથી. સમર્થ કવિ દેશકાળથી રંગાવા છતાં 'ક્ષણ ચિરંતન'ને 'શાશ્વતી'માં પલટી શકે છે. તેનાં ઉત્તમ ઉદાહરણ આ સંચયમાંની ન્હાનાલાલ, ઉમાશંકર અને સુન્દરમની કૃતિઓ છે.

સંપાદકોએ સ્વીકારેલી સદીની મર્યાદા જોતાં એમ કહી શકાય કે વીસમી સદીના આગમન પહેલાં તેની કવિતાનાં તેજ અને સૌન્દર્યનો વૈભવ ઓગણીસમી સદીમાં કાન્ત અને ન્હાનાલાલનાં સર્જનોમાં શરૂ થઈ ચૂક્યો હતો. કલાપીએ તો સદી શરૂ થવાની આગલી સાંજે જ વિદાય થતાં પહેલાં ગુજરાતી કવિતાને પાકો રંગદર્શી પાસ આપ્યો હતો. વીસમી સદીના ઉઘાડ વખતે ન્હાનાલાલ, બલવંતરાય અને ખબરદાર વિવિધ સામયિકોમાં કવિતા લખતા હતા. ન્હાનાલાલની ડોલનશૈલીનો, પ્રો. ઠાકોરનો સૉનેટ તથા સળંગ પૃથ્વીનો અને કાન્તના ખંડકાવ્યનો પ્રયોગ ૧૯મી સદીમાં થઈ ચૂક્યો હતો. ગઝલ તો ઓગણીસમી સદીની જ પેદાશ છે; પછી તેનાં કલાકસબની ઝીણી કારીગરી કે નકશીનું કામ વીસમી સદીમાં થયું. આખી સદીનો સમગ્ર વિચાર કરીએ તો સમજાશે કે ગુજરાતી કવિતાએ વીસમી સદીમાં જ પૂરું કાઠું કાઢ્યું છે. તેની મુખમુદ્રા પર ચિંતનના ઊંડા આંકા સાથે સુંદર અને ભવ્યની સ્પષ્ટ રેખાઓ અંકિત થઈ છે. આ સદીમાં ન્હાનાલાલે તેને લાડ લડાવી, શિષ્ટ, સુંદર, કમનીય, ભાવનીતરતી મુદ્રા અર્પી; બલવંતરાયે તેને બલિષ્ઠ વ્યક્તિત્વ અર્પ્યું; સુન્દરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવે તેમાં સૂક્ષ્મ અધ્યાત્મના રોચક રંગ પૂરે છે. મેઘાણી જેવા કવિ તેની દૃષ્ટિમાં ઓજસ પૂરે છે; અને ગાંધીપ્રેરિત ઉમાશંકર તેની પલટાતી સિકલને શિષ્ટ-મનોહર કલાત્મક સંસ્કાર આપે છે. આ મનીષી કવિએ પચાસ વર્ષ પર્યન્ત (૧૯૩૧–૧૯૮૧) (આમ તો અવસાન પર્યન્ત) કવિતાનાં સ્વરૂપ અને વિષયવસ્તુનું બહોળું ખેડાણ કરીને તેના દ્વારા જીવનદૃષ્ટિનો અને કાવ્યભાવનાનો જે ક્ષિતિજવિસ્તાર કરી બતાવ્યો તે કવિની સાથે વીસમી સદીની પણ વિશિષ્ટ સિદ્ધિ ગણાવી જોઈએ. એકવીસમી સદી માટે એ પડકાર પણ છે.

આ વીસમી સદીએ શું શું જોયું ? તેણે બે વિશ્વયુદ્ધ જોયાં; નાગાસાકી–હીરોશીમા પર પરમાણુ-બૉમ્બે સર્જેલો મહાવિનાશ જોયો; ઇતિહાસે કદી નહિ જોયેલ કુટિલ રાજકીય આટાપાટા

ધ્યાન ખેંચે છે.

જોયા; દુનિયાને આશ્ચર્યચકિત કરી મૂકનાર અહિંસક સત્યાગ્રહના શસ્ત્ર દ્વારા ભારતને આઝાદી અપાવનાર ગાંધીની ચમત્કારિક આત્મશક્તિનો પરચો કર્યો; માનવીએ ચંદ્ર ઉપર ઉતરાણ કરીને અવકાશયાત્રાની પરંપરા બાંધી આપી. વૈજ્ઞાનિક શોધોએ માનવસમાજોને પરસ્પર નિકટ લાવીને રચી આપેલી વિશ્વસંસ્કૃતિનો અહેસાસ પણ આ સદીએ કર્યો છે. વીસમી સદીનાં પરિબળોએ કવિને આજુબાજુ, ઉપરનીચે અને ભીતર-ઊંડે જોતો કર્યો. આ જ સદીએ વિશ્વશાન્તિ, વિશ્વપ્રેમ અને વિશ્વમાનવની ભાવનાની સામે આંખના પલકારામાં વિશ્વનાશ સાધી આપે તેવી શક્યતાઓ દર્શાવતાં પરમાણુશસ્ત્રોના ભય નીચે માનવજાતને જીવતી પણ કરી મૂકી છે. એકવીસમી સદીમાં એનું વિકસન (culmination) કેવું હશે ?

કવિતા રચવી એ કોઈ એક પ્રદેશની પ્રવૃત્તિ નથી; સમસ્ત માનવજાતની સંસ્કારપ્રવૃત્તિ છે. એટલે વૈશ્વિક પરિબળોએ બીજા દેશોની માફક ભારતીય અને ગુજરાતી કવિતા પર પણ ઊંડા સંસ્કાર પાડ્યા છે. વીસમી સદીનો ગુજરાતી કવિ તેનાથી સંપ્રજ્ઞ છે. આ સદીના અધિષ્ઠાતા કવિ ઉમાશંકર ૧૯૬૫ના ડિસેમ્બરમાં ગુજરાતી સાહિત્ય પરિષદના સૂરત અધિવેશનમાં જાહેર કરે છે કે ''યંત્રયુગની ભીંસની વચ્ચે વિશ્વના નાગરિકો તરીકે આપણે જીવીએ છીએ તેની સચોટ પ્રતીતિ આપણે કરાવી શક્યા છીએ. કળાકારો સમાજના અગ્રયાયી છે. આજની કારમી વેદના ઉપજાવતી પરિસ્થિતિમાં આપણું હૃદય વિશ્વના ચૈતન્ય સાથે ધબકે છે... 'હું'ની સહસ્રફણા પર કળાની મોરલીનો અવાજ આવે છે. વિષાદ છે. પણ તે અર્જુનનો વિષાદયોગ છે.'' ઉમાશંકરે 'છિન્નભિન્ન છું' અને 'શોધ' – એ કાવ્યોમાં આધુનિક સમયમાં ભીંસાતા માનવીની વેદના સૌપ્રથમ પ્રગટ કરેલી. પણ કેવળ આ યુગચેતનાને જ કવનવિષય બનાવનાર પહેલા આધુનિક કવિ સુરેશ હ. જોષી છે. તેમના પ્રભાવ નીચે ઊછરેલી આધુનિક કવિતા મૂલ્યહ્રાસ, આત્મવિડંબના, વ્યર્થતા, લાચારી અને વિભક્તતાનાં સંવેદનો ગાય છે. ડૉ. ચંદ્રકાન્ત શેઠે બતાવ્યું છે તેમ, વીસમી સદીના ચોથા દાયકામાં જન્મેલા કવિઓ પૈકી મોટા ભાગના આધુનિક સંવેદનાના કવિઓ છે. તેમાંના કેટલાક આજે પણ ગીત અને ગઝલની રચનામાં રત રહીને આધુનિક સંવેદનાને વાચા આપી રહ્યા છે. આ ગ્રંથમાં મૂકેલી કાવ્યકૃતિઓ દર્શાવે છે તેમ, વીસમી સદીના આરંભમાં પંડિત યુગનું સાતત્ય સાચવતી શિષ્ટ અલંકારમંડિત દીર્ઘ ચિન્તનાત્મક કૃતિઓ મળે છે; મધ્યમાં નવાં તેજ અને સત્ત્વથી ઓપતી, વ્યાપક ફલક પર સત્ય અને પ્રેમની સ્થાપના કરતી, વિચક્ષણ, પુષ્ટ દેહયષ્ટિ ધરાવતી ગાંધીતત્ત્વરસિત રચનાઓ ધ્યાન ખેંચે છે; પછી સૂક્ષ્મ સૌન્દર્યકેન્દ્રી કોમળમંજુલ ગીતરચનાઓ અને વિવિધ વેશધારી ગઝલોનો પ્રવાહ સદીના અંત સુધી ક્રમશઃ વૃદ્ધિંગત થતો જાય છે. બીજી રીતે કહીએ તો પૂર્વકાલીન તત્ત્વનિષ્ઠ કૌતુકરાગી સાહિત્યના મુકાબલે સાંકડા પ્રવાહની સામે ગાંધીયુગના મૂલ્યનિષ્ઠ પણ પ્રયોગશીલ વાસ્તવદર્શી સાહિત્યનો વિસ્તૃત મનોહર પટ ધ્યાન ખેંચે છે. તેની સામે મૂલ્યનિરપેક્ષ કલા અને સૌન્દર્યની જિકર કરતી આધુનિકતા (modernity)નો આવિર્ભાવ થાય છે. પછી જીવનલક્ષી પરિબળો સક્રિય થઈને સાહિત્યના વહેણને પરંપરા તરફ વાળતાં દેખાયાં હતાં તે હવે ગીત-ગઝલની મહેફિલોની દિશામાં નિશ્ચિત ગતિ કરી રહ્યાં છે. આ લોકાભિમુખ અભિગમ સંપૂર્ણ પણ્યકવિતા (market poetry)ની જિકર રૂપે તો દેખા નહીં દે ને ?



પણ વસ્તુલક્ષી ધોરણે સંપાદકોએ કૃતિઓની પસંદગી કરેલી છે. કવિનો સર્વાંગીણ પરિચય મળે તે રીતે તેની તમામ વિશિષ્ટ રચનાઓને અહીં સ્થાન મળેલું છે. એવી જ રીતે એકાદ ઉત્તમ રચનાથી ધ્યાન ખેંચનાર કવિનો પણ અહીં સમાવેશ થયેલો છે. કાવ્યોની ગોઠવણી કવિતાનો વિકાસ, કાવ્યપ્રકાર કે કવિના સમયક્રમને અનુસરવાને બદલે કેવળ કવિનામ કે કાવ્યશીર્ષકના વર્ણાનુક્રમ મુજબ કરેલી છે. તેથી એકાદ વિભાગ કે સમુચ્ચયના અંગ રૂપે પ્રવર્તવાને બદલે દરેક રચના અલગ સ્વતંત્ર એકમ તરીકે છાપ પાડે છે. સહૃદય ભાવકને તેનો એ રીતે શુદ્ધ રસાત્મક અવ્યવહિત આનંદ લેવાનો અવકાશ મળ્યો ગણાય. પરંતુ અન્યથા કવિતાનો સમગ્રદર્શી પરિચય મેળવવાનું કષ્ટસાધ્ય બને તેમ છે. બીજી રીતે જોઈએ તો વિભિન્ન રંગ, મિજાજ, ભાવ, વિષય ને શૈલી ધરાવતી રચનાઓને અહીં એકબીજીની સાથે વાંચતાં કવિતાનો કેલાઇડોસ્કોપ જોયાનો આનંદ મળે છે. કેલાઇડોસ્કોપમાં જેમ વિભિન્ન રંગ, આકાર અને ઝાંયવાળા કાચના ટુકડાની ક્ષણે ક્ષણે નવતા ધારણ કરતી મિશ્રભાત સૌન્દર્યદર્શન કરાવે છે તેવો સૌન્દર્યદર્શનનો આનંદ આ સંચયની કાવ્યકૃતિઓના આસ્વાદથી મળે છે તે એક વિરલ લાભ ગણાય.

કાવ્યકૃતિઓના સુયોગ્ય ચયન, સુયોજન અને સુઘડ, સ્વચ્છ સંપાદન બદલ આ સંચયનું સંપાદકવૃંદ અભિનંદનનું અધિકારી છે.

## ♦'સાર્ત્રનો સાહિત્યવિચાર' વિશે | રસિક શાહ

[**સાર્ત્રનો સાહિત્યવિચાર** : લે. સુમન શાહ, પ્ર. પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ-૩૮૦૦૦૧, બીજી આવૃત્તિ ૨૦૦૭, પૃ. ૧૨૮, કિં. રૂ.૬૫]

સાર્ત્રનાં સમૃદ્ધ વ્યક્તિત્વનાં એકબીજા સાથે અવિનાભાવી સંબંધ ધરાવતાં બે પાસાં – સર્જન અને ચિંતન. એનો કોઈ પૂર્વાપર ક્રમ નથી. સુમન શાહે પસંદગી કરી છે સાહિત્યિક પાસાંને રજૂ કરવાની. ચિંતનાત્મક પાસાંની વાત કર્યા વગર આ ન કરી શકાય. ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ પછી વણસેલી યુરોપની સ્થિતિમાં માનવને અસંગતિ અને પરાયાપણાની અનુભૂતિ તીવ્રતાથી અને સતત થવા માંડેલી. એવી અનુભૂતિનાં બીજ માનવી હોવાપણાને લઈને એની ચેતનામાં પડેલાં જ હોય. યુદ્ધોત્તર યુરોપના વિશિષ્ટ સાંસ્કૃતિક વાતાવરણે, અનુભૂતિની સંવેદનાની માત્રાને ધાર કાઢી. કિર્કેગાર્ડ, નિત્શે, યેસ્પર્સ આદિ ચિંતકોએ અને દોસ્તોએવસ્કી જેવા સર્જકોએ આવી અનુભૂતિ માટેની ભૂમિકા સર્જેલી જ હતી. પરંતુ સર્જક સાર્ત્ર એનામાં રહેલા ચિંતકથી એક ડગલું હંમેશાં આગળ રહ્યા. સાર્ત્રનાં આ બન્ને પાસાંના સઘન અભ્યાસી સુમન શાહે કહ્યું જ છે, 'સાર્ત્રનો સાહિત્યવિચાર એના માનવવિચારનો સંવિભાગ છે.' સાર્ત્રનાં સાતેક અને અન્ય પંદર-વીસ પુસ્તકો અને લેખોમાંથી દોહન કરીને, એનો સાહિત્યવિચાર તારવીને સિત્તેરેક પાનાંમાં પ્રગટ કરવાનું સાહસ લેખકે કર્યું છે. મને સ્પષ્ટ લાગ્યું છે કે સુમને એ કોઈને માટે નહિ, પોતાને માટે જ લખ્યું છે – પોતાને પામવા માટે. નિવેદનનો ઉઘાડ કરતાં જ લેખક લખે છે : 'સાર્ત્રનું

[♦ આ પુસ્તિકા સર્જનાત્મક કૃતિ ન હોઈ એનો આસ્વાદ ન હોઈ શકે; એનું પુસ્તકાવલોકન જ અહીં પ્રસ્તુત છે. અવતરણચિહ્નો વચ્ચેના શબ્દો સુમન શાહનાં છે.]

વીસમી સદીની કાવ્યમુદ્રા ઉપસાવવા મથતા આ સંચયમાં તેની નાની-મોટી તમામ ખાસિયતોને ચરિતાર્થ કરી આપતી પરિચિત-અપરિચિત રચનાઓનો સમાવેશ થયો છે. ઉદાર મૃત્યુ (૭૫ વર્ષની વયે ૧૯૮૦માં) મારા માટે એક ઉગારનું કારણ બની ગયું. એમનાં વિશ્વમાં નવેસરથી પાછો જઈને હું મારા કેટલાક છિન્ન અંશોને પરત મેળવી શક્યો. જીવન અને કવન વિશેની મારી કેટલીક મૂળભૂતતાઓનું એક બિંદુ સાર્ત્ર પણ છે એવી કશીક પ્રતીતિ મળી.' (લેખકનું બીજું એવું બિંદુ સ્વ. સુરેશ જોષી છે.)

પુસ્તિકામાં કઈ દસ બાબતોને સાર્ત્રે ચર્ચી છે એની યાદી આઠમા ખંડમાં એમણે આપી છે. એનું પુનર્લેખન ટાળવું જ રહ્યું. સુમન શાહનાં લેખનનું અર્થઘટન કે મૂલ્યાંકન કરવાનું પણ સહેતુક ટાળું છું. એમણે સાર્ત્રની નાટ્યકૃતિ 'ધ ફ્લાઇઝ'ની 'પરિચયાત્મક સમીક્ષા' આપતાં પણ સાર્ત્રનાં બન્ને પાસાંની અનિવાર્યતયા વાત કરી છે. મારી દષ્ટિએ લેખકે સાર્ત્રની પહેલી સર્જનાત્મક નવલકથા 'નોસિયા'ની સમીક્ષા આપી હોત તો વાચકને સાર્ત્રના વિચારવિશ્વમાં પ્રવેશ કરવાની મોટી તક મળી રહેત. મૂળ ફ્રેન્ચમાંથી અંગ્રેજીમાં અનૂદિત થયેલી આ ખૂબ જ પ્રતિષ્ઠિત નવલકથા વિશે એલ. અલેકઝાન્ડરે કરેલા બીજા અનુવાદના પ્રકાશકે કહ્યું છે : '૧૯૩૮માં લખાયેલી આ પહેલી નવલકથા સાર્ત્રની સાહિત્યિક સિદ્ધિની કલગી છે. સાર્ત્ર જેનાથી ઓળખાયા છે એ અસ્તિત્વવાદી વિચારણાની સર્જનાત્મક રજૂઆતનો આ નવલકથા પ્રથમ દીર્ઘ પ્રયાસ છે.'

સુમન શાહ આ મહત્તાથી સુપેરે પરિચિત છે. એમણે કહ્યું છે : 'નોસિયા'નો ટોકિન્તા પોતાનાં ખરાં સ્વત્વને વિશ્વના એક પૂરેપૂરા મુક્ત ચેતનાના રૂપે પામે છે તે વસ્તુઓને લીધે. વસ્તુઓને માત્ર અસ્તિત્વ જ છે, કશા આવશ્યક કારણ વિનાનું. માત્ર માનવ જ એવી વસ્તુ છે જે એના અસ્તિત્વની વાસ્તવિકતાને અર્થપૂર્ણ બનાવવા માટે સ્વતંત્ર છે અને એ પોતાની સમ્પૂર્ણ જવાબદારીથી, પૂરી પ્રામાણિકતાથી એનો સામનો કરીને એને અર્થપૂર્ણ બનાવે છે. વિશ્વમાં પોતે ફંગોળાયેલો હોવા છતાં 'વિશ્વ' એને કારણે જ પ્રગટે છે. માનવઅસ્તિત્વ જ વાસ્તવિકતા(સત્)ને અર્થ અર્પે છે. અસ્તિત્વ અર્થનું પુરોગામી છે. (Existence precedes essence.) નિર્ભ્રાન્ત થઈને જીવવાની એની પાસે અનિવાર્ય એવી પસંદગી છે. (સનાતન આધ્યાત્મિક મૂલ્યોને સાર્ત્ર નકારે છે.) લેખક યોગ્ય રીતે નોંધે છે કે સાર્ત્રની અસ્તિત્વવાદની વિચારણા કે ફિલસૂફી શાસ્ત્રમાં પરિણમી તે પહેલાં 'નોસિયા'માં એમણે મનુષ્યજીવનને સતત સંકડામણમાં લેતાં પરિબળોનું સૂક્ષ્મ નિરીક્ષણો દ્વારા નિરૂપણ કર્યું છે.

સુમન શાહે સાર્ત્રની અસ્તિત્વવાદી વિચારણાની દાર્શનિક પીઠિકા આપવાના નિમિત્તે એમના 'નવ્ય માર્ક્સવાદ' તરફના ઝોકની અને પછીથી એ વિશેની નિર્ભ્રાન્તિની વાત પણ વિગતે કરી છે. જે નિમિત્તે કામુ જાણીતા થયા એ અસંગતિ (absurdity)ની વાત કરતી વખતે સાર્ત્રને હાઇડેગર અને હુસેર્લની ફિનોમિનૉલોજીના પ્રભાવની અને એમાંથી મુક્ત થયાની વાત પણ કરવી પડે છે. સુમન શાહે, સાર્ત્રને સર્જક અને ચિંતક લેખે ફરી ફરીને પ્રામાણિકપણે (genuinelyના અર્થમાં) જેનો સામનો કરવો પડે છે એવા વિરોધાભાસની વાત કરી છે — દરેકેદરેક અનુભવોને વ્યક્ત કરી શકવાની ભાષાની અપાર શક્યતાનો વિચાર લેખે સ્વીકાર અને સાહિત્યસ્વરૂપો અનુભૂતોને વિ-કૃત કરે છે એવી સાર્ત્રને થયેલ પ્રતીતિ – ટૂંકમાં 'ભાષાકીય આશાવાદ અને સાહિત્યસ્વરૂપપરક નૈરાશ્ય'. આ વિરોધ હતો કે વિરોધાભાસ ? વિરોધ હતો તો સાર્ત્રે એનું કઈ રીતે નિરાકરણ કર્યું અને વિરોધાભાસ હતો તો એ વિચારણામાં ક્યાં તર્કદોષ (fallacy) હતો એની ચર્ચા-વિચારણા સુમન શાહની આ પુસ્તિકામાં નથી મળતી.



લેખકની સાર્ત્રને રજૂ કરવાની સન્નિષ્ઠાને બિરદાવવી જ રહી. એમની સમજની રજૂઆત કેવી સરળતાથી, ભાષાની કેવી પ્રવાહિતાથી થઈ શકે છે એ માણવા માટે પાંચમા ખણ્ડનું પંદરમું પાનું બરાબર વાંચી જવું. એમાં એક પણ ભારેખમ લાગતી તાત્ત્વિક વિભાવનાનો ઉપયોગ કર્યા વગર લેખક સાર્ત્રની અસ્તિત્વવાદી વિચારણાને વિશદતાથી રજૂ કરી શક્યા છે. આખા અભ્યાસ દરમ્યાન લેખક આ શક્તિને સુસંગત રહ્યા હોત તો પુસ્તિકામાં ઠેર ઠેર નડતા ગતિભંગો(speed breakers)નો ભોગ સજ્જ વાચકને ન બનવું પડત. (અનૂદિત અંગ્રેજી તાત્ત્વિક વિભાવનાઓ રૂપી ગતિભંગનો નમૂનો સત્તાવીસમા પાને દસમા ખણ્ડમાં સોળથી એકવીસ લીટીઓ આ સંદર્ભમાં વાંચવા જેવી છે.) ૧૯૮૦માં કદાચ એ વિભાવનાઓનું ગુજરાતીકરણ મુશ્કેલ લાગ્યું હશે. એ મુશ્કેલીઓથી સુપરિચિત લેખકે નજીકના ભૂતકાળમાં મહુવામાં એ વિષયનો સેમિનાર યોજીને સોએક જેટલી વિભાવનાઓ વિદ્વાનોને અર્થ સ્પષ્ટ કરી બને તો ગુજરાતીકરણ કરવા માટે સોંપેલી. એના અનુસંધાનમાં પચીસ વર્ષ પછી કરાયેલી બીજી આવૃત્તિમાં પરિભાષાની સમસ્યાને હળવી કરી શકાઈ હોત. સુરેશ જોષીએ, મધુસૂદન બક્ષીએ, ચંદ્રકાન્ત શેઠે, અરુણ અડાલજાએ, હરિવલ્લભ ભાયાણીએ, કંઈક અંશે આ લખનારે અને અન્યોએ એવું કરી બતાવ્યું છે. એવું થયું હોત તો વાચકને, વિદ્યાર્થીને ઘણી રાહત રહેત.

પણ લેખકે આ પુસ્તિકા લખવા પાછળ એવો કોઈ પરોપકારી આશય સેવ્યો નથી. એટલે એની ફરિયાદ ન હોય. લેખક જાણે કે મોઘમમાં કહે છે : 'હું ક્યાં કોઈને કેળવવા આવ્યો છું ? હું તો બસ મને મળવા આવ્યો છું.'

સાર્ત્ર નિમિત્તે લેખક પોતાને કેવી રીતે મળ્યા એનો આલેખ મળે એવી આશા સાથે વિરમું.

❐



Parab Online
July 2007
Page: 24

# પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

## શ્રી સચ્ચિદાનંદ સન્માન

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રતિવર્ષ ગુજરાતી સાહિત્યના કર્મશીલ સર્જકને સ્વામી શ્રી સચ્ચિદાનંદજીના નામ સાથે જોડાયેલા આ સન્માનથી વિભૂષિત કરવામાં આવે છે. આ સન્માનમાં રૂપિયા પચ્ચીસ હજારનો ચેક, શાલ અને સ્મૃચિહ્ન અર્પણ કરવામાં આવે છે. ઈ.સ. ૨૦૦૪ અને ઈ.સ. ૨૦૦૫ માટેનાં આ સન્માન અનુક્રમે ડૉ. ધીરુભાઈ પરીખ અને શ્રી ભોળાભાઈ પટેલને અર્પણ કરવાનો સમારંભ પરિષદ પ્રમુખ શ્રી કુમારપાળ દેસાઈના અધ્યક્ષસ્થાને તા. ૨૧-૬-૦૭, ગુરુવારના રોજ, સાંજના છ વાગ્યે પરિષદના ગોવર્ધન ભવનમાં યોજવામાં આવ્યો હતો.

સમારંભના પ્રારંભમાં શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં આ સન્માનની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. એમણે જણાવ્યું કે 'સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ, દંતાલી' તરફથી આજ સુધીમાં મળેલા ચાર લાખ રૂપિયાના વ્યાજમાંથી આ સન્માન એનાયત કરવામાં આવે છે. ઈ.સ. ૧૯૯૮થી આપવામાં આવતું આ સન્માન સૌપ્રથમ સ્વ. ભોગીલાલ ગાંધીને અર્પણ કરવામાં આવ્યું હતું. તે પછીથી સર્વશ્રી નારાયણ દેસાઈ, નિરંજન ભગત, ફાધર વાલેસ, ગુણવંત શાહ, સ્વ. જયંત પંડ્યા તથા શ્રી ભગવતીકુમાર શર્મા જેવા ઉત્કૃષ્ટ સારસ્વતોને આ સન્માનથી વિભૂષિત કરાયાની વીગતો શ્રી રઘુવીરભાઈએ રજૂ કરી હતી અને આજે આ બે સારસ્વતોને સન્માન અર્પણ થવા અંગે પોતાનો આનંદ પ્રગટ કરી, બંનેને અભિનંદનો પાઠવ્યાં હતાં.

પરિષદના ઉપપ્રમુખ અને પ્રસિદ્ધ કવિ-વાર્તાકાર શ્રી હરિકૃષ્ણ પાઠકે શ્રી ધીરુભાઈ પરીખનો વીગતે પરિચય આપ્યો હતો. ધીરુભાઈની રચનાઓમાંથી કેટલાંક દૃષ્ટાંતો આપી એમની સર્જકતાને પોંખી હતી. પરિષદની મધ્યસ્થ સમિતિના સભ્ય અને જાણીતા કવિ-નિબંધકાર શ્રી યજ્ઞેશ દવેએ શ્રી ભોળાભાઈ પટેલનો પરિચય આપ્યો હતો. વિદ્વત્તાના ભાર વિનાના વિદ્વાન તરીકે ભોળાભાઈનો પરિચય આપી, ભોળાભાઈના હળવાફૂલ વ્યક્તિત્વને ઉપસાવી આપ્યું હતું. ભોળાભાઈની ઉત્કૃષ્ટ સર્જકતાનાં દૃષ્ટાંતો આપી એમની સર્જકતાને બિરદાવી હતી.

પરિચય-વિધિ પછી પરિષદપ્રમુખ શ્રી કુમારપાળ દેસાઈએ રૂ. પચ્ચીસ હજારનો ચેક, શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને બંને સારસ્વતોનું અભિવાદન કર્યું હતું.

સન્માનિત સારસ્વતો શ્રી ધીરુભાઈ પરીખ અને શ્રી ભોળાભાઈ પટેલે પ્રતિભાવ આપતાં ગુજરાતી સાહિત્ય પરિષદ પરત્વે કૃતજ્ઞતાની લાગણી પ્રગટ કરી હતી. (આ બંને સારસ્વતોના પ્રતિભાવો 'પરબ'ના આ જ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યા છે.)

પરિષદના કોષાધ્યક્ષ શ્રી રાજેન્દ્ર પટેલે આભારવિધિ કરી હતી. પરિષદના વહીવટી મંત્રી શ્રી રતિલાલ બોરીસાગરે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.



## સર્જકો સાથે સંવાદ

તા. ૩-૫-૨૦૦૭ના રોજ ભારતીય વિદ્યાભવન (અંધેરી) ખાતે સાહિત્યગોષ્ઠિ મળી હતી તેમાં પચાસેક સર્જકો અને ભાવકોએ ભાગ લીધો હતો. દરેક સર્જકોની કૃતિ શ્રી અનિલ જોશી, નવલકથાકાર દિનકર જોષી અને હેમંત ધોરડાએ સર્જનાત્મક પ્રતિભાવ આપ્યો હતો. અસ્મિતા યાજ્ઞિકે ગુજરાતી સાહિત્ય પરિષદ વિશે વાત કરી હતી.

હવે પછીની બેઠક તા. ૧-૭-૨૦૦૭, રવિવાર સાંજે ૫-૦૦ સાંજે તે જ સ્થળે મળશે. તેમાં સર્વશ્રી નીતિન મહેતા, પ્રફુલ્લ રાવલ, દિનેશ ભટ્ટ વગેરે હાજર રહેશે. સૌ લેખકો અને સાહિત્યરસિકોને આમંત્રણ.

જૂન મહિનાના પહેલા અને ત્રીજા મંગળવારે અનુક્રમે સર્વશ્રી વીનેશ અંતાણી અને રમેશ ર. દવેની વિશેષ ઉપસ્થિતિમાં 'સર્જકો સાથે સંવાદ' કાર્યક્રમ યોજાઈ ગયો. સર્જકો દ્વારા કાવ્ય, વાર્તા તેમજ લઘુકથાનું પઠન અને તદ્નુષંગે ચર્ચા થઈ હતી. વીનેશભાઈએ વાર્તાલેખન વિશે માર્મિક સૂચનો કરી ઉત્તમ સાહિત્યના પરિશીલન પર ભાર મૂક્યો હતો. રમેશભાઈ દવેએ એક્સરસાઈઝ રૂપે રેલ્વે પ્લૅટફૉર્મ, એરપૉર્ટ અને ડાઇનિંગ ટેબલ – ત્રણ વિષયોમાંથી પસંદ કરી તત્કાલ ૧૦૦ શબ્દોમાં તેના વિશે લખવા જણાવ્યું હતું. બધા જ સર્જકો તેમાં ઉત્સાહભેર જોડાયા અને તેના વાચનની સાથે સાથે વાર્તાકળાના વિશેષોનો પરિચય પણ સર્જકોને મળતો ગયો. બંને દિવસોએ લગભગ વીસેક સર્જકો ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૨૩-૬-૨૦૦૭ના રોજ 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ ભાવનગર મુકામે થયો. આ કાર્યક્રમમાં શ્રી ધીરુબહેન પટેલ, યોગેશ જોષી, રાજેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. તથા ભાવનગરના પ્રતિષ્ઠિત સાહિત્યકારો શ્રી તખ્તસિંહ પરમાર, વિનોદ જોશી, માય ડિયર જયુ, મનોહર ત્રિવેદીએ ઉપસ્થિત રહી નવસર્જકોને પ્રોત્સાહિત કર્યા હતા. પાંચ વાર્તાકારોએ કૃતિનું પઠન કર્યું હતું અને ત્યાર બાદ તજજ્ઞોએ તે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## રવીન્દ્રભવન

તા. ૬-૬-૨૦૦૭ના રોજ રવીન્દ્રભવન અંતર્ગત થયેલા કાર્યક્રમમાં કવિશ્રી નિરંજન ભગતે ટાગોરના 'પૂરવી' કાવ્ય વિશે વ્યાખ્યાન આપ્યું તથા 'તપોભંગ' કાવ્યનું બંગાળીમાં પઠન અને ગુજરાતીમાં રસાસ્વાદ. તદુપરાંત અંગ્રેજીમાં કેટલાંક કાવ્યોનું પઠન કર્યું હતું.

## પુસ્તકસહાય

યશલક્ષ્મી પુસ્તક સહાય અન્વયે ૨૦૦૬-૦૭ના વર્ષ માટે રૂ. ૫,૦૦૦નાં પુસ્તકો નર્મદ લાઇબ્રેરી, સુરતને આપવામાં આવ્યાં. પૂરને કારણે આ લાઇબ્રેરીનાં પુસ્તકો ધોવાઈ ગયાં હોવાથી પ્રસ્તુત મદદ કરવામાં આવી.

❒